Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 20 - Issue : 10

July, 2016



## પછીથી વ્યર્થ પસ્તાશો

એક કાળ એવો પણ આવશે કે જે વેળા બધાં સ્વજનો પસ્તાશે કે 'મળેલા પુરુષને આપણે અવગણ્યો. એનો યોગ્ય સાથ ન રાખી શક્યાં. આપણે જે અર્થે એને સ્વીકારવાનું કરેલું, તે અર્થે યોગ્ય ઉપયોગ કરવાનું આપણને સૂઝ્યું જ નહિ. હાય ! હાય ! કેવાં હતભાગી ! એને પૂરું આપણે સમજી પણ શક્યાં નહિ ! એ હતો તો પાસે ને પાસે પણ એને સાચો ને પૂરો જોયો પણ નહિ, તો અનુભવી તો ક્યાંથી જ શકાય ?' તે વેળા જે પસ્તાવો થશે તેનાથી કશું જ વળવાનું નથી. જે કોઈ જીવતાને માનતાં નથી કે માની શકેલાં નથી, તે તેના ગયા પછી તેને શું માની શકવાનાં છે ? રામરામ કરો.....

'જીવન પોકાર', બી. આ., પૃ. ૧૩૩

-શ્રીમોટા



શ્રી કાંતિભાઈ તેરૈયાના મકાન ૧૧, સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા ઑફિસર્સ સોસાયટી, અમદાવાદ - ૭ ખાતે શ્રી પ્રભુદાસ જાની ભાડેથી રહેતા હતા. તે સમયે તા. ૧૩-૦૨-૧૯૭૧ના રોજ પૂજ્ય શ્રીમોટાની પધરામણી થતાં શ્રી જયંતીભાઈ જાની પૂજ્ય શ્રીમોટાના બાહુ ગ્રહી તેઓશ્રીને પ્રવેશ કરાવી રહ્યા હતા.

પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી જયંતીભાઈ જાનીની સપરિવાર લેવાયેલ તે સમયની તસવીર.



'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**વર્ષ : ૨૦ અંક : ૧૦ જુલાઈ, ૨૦૧૬**

## અનુક્રમ

૧. સાવધાન : મારી ગુરુદક્ષિણા .................... શ્રીમોટા ૪
૨. પૂજ્ય શ્રીમોટાના ૭૮મા સાક્ષાત્કારદિન ઉત્સવનો ટૂંક અહેવાલ ................................ ટ્રસ્ટીમંડળ ૫
૩. માનવીમાં પણ વેરવૃત્તિ છે, તેટલે અંશે તે પશુ છે .......................... શ્રીમોટા ૭
૪. છપ્પા ................................ જ્ઞાની કવિ અખો ૮
૫. ગોપીચંદને માની ભીક્ષા ............. બાબા સાવનસિંહજી ૯
૬. 'અમારો જીવનધંધો' ........................... શ્રીમોટા ૧૦
૭. 'પોતાનો ભાર જે સોંપે, ઉપાડે ભાર તેહનો' - શ્રીમોટા .......... જયંતીભાઈ જાની ૧૧
૮. જન્મે જન્મે નવો સંબંધ બંધાય છે ..... સ્વામી પ્રકાશાનંદજી ૧૪
૯. જીવ અને ઈશ્વર ................. શ્રીરામકૃષ્ણ પરમહંસ ૧૫
૧૦.ફિરોજપુરનું મૌનમંદિર ............. પ્રો. શ્યામસુંદર ગુપ્તા ૧૬
૧૧. શંકરાચાર્ય-મંડનમિશ્ર વચ્ચે શાસ્ત્રાર્થનો પ્રસંગ..સ્વામી સદાશિવ ૨૨
૧૨.'માનવી' અને અન્ય રચના .............. ડૉ. સુધીર મોદી ૨૩
૧૩.જીભ સુધરે તો જ જીવન સુધરે ........... ડોંગરે મહારાજ ૨૪
૧૪.'હૃદયની કાકલૂદી છે' .......................... શ્રીમોટા ૨૫
૧૫.નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય ............ શ્રીમોટા ૨૬

## જ્ઞાનદાન

હરિવાણી ટ્રસ્ટના પ્રારંભથી તેની હિસાબી કામગીરીમાં જેઓએ ટ્રસ્ટી મંડળને નિશ્ચિંત બનાવેલ તેવા સદ્‌ગત **શ્રી મહેન્દ્રભાઈ તલકચંદ શાહ**ની પુણ્ય-સ્મૃતિમાં શ્રીમતી પદ્માબહેન મહેન્દ્રભાઈ શાહ તરફથી 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં જ્ઞાનદાનનો સહયોગ અપાયો છે, તે બદલ સદ્‌ગતની ઊર્ધ્વગતિ માટે પ્રાર્થના સહ એ પરિવાર પ્રત્યે ખૂબ ખૂબ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. **-સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯

* Subject to Ahmedabad Jurisdiction

બધાં મળેલાં સાથે જ્ઞાનપૂર્વકનો સદ્‌ભાવ કેળવવામાં આપણો જીવનવિકાસનો સાચો અને પૂરો સ્વાર્થ રહેલો છે.

વળી, બીજી એક મુખ્ય હકીકત આપણે ખ્યાલમાં તો એ રાખવાની છે કે **જે જે રીતે, જેવું જેવું આપણે સાંભળ્યું, વિચાર્યું, વર્ત્યા, બોલ્યાં ને જેવી જેવી વૃત્તિ તે તે પળે આપણી રહી, તે તે રીતનું તેવું તેવું, તેવી તેવી વૃત્તિનું જીવન આપણે નિર્માણ કરી ચૂક્યાં એમ નિશ્ચે જાણવું, સમજવું ને માનવું.**

આ હકીકત સાચી છે. તેમાં કલ્પનાનો મુદ્દલે અંશ નથી. તેથી, આપણે સાંભળતાં, વિચારતાં, બોલતાં, વર્તતાં, વહેવાર કરતાં, સંપર્ક સાધતાં આ બધું થતું રહેવાની પળ હોય તે પહેલાં અને **તે વેળા આપણે ઘણાં ઘણાં સાવધ અને સાવધાન રહેવાની જરૂર છે.**

જીવકક્ષાનું જે નકારાત્મક હોય, તેવું જીવનમાં નિર્માણ નથી જ થવા દેવું એવો મક્કમ નિર્ધાર જે જીવે કરેલો છે, તેવો જીવ કંઈ પણ કશો નકારાત્મકપણાનો અંતરમાં કે બહારથી અનુભવ થતાં અંતરથી સાબદો બની પૂરો જાગ્રત બને છે.

આ રીતે જાગ્રત થયા જવાનો અભ્યાસ જેમ જેમ જીવતો થતો જાય છે, તેમ તેમ જીવન-વિકાસ પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ સાધકના અંતરમાં અંતરથી એના યોગ્યપણામાં પ્રકટતાં બની જતાં હોય છે. એવી વેળાથી જ સાધકનું જીવનવિકાસને યોગ્ય રીતે જિવાવાનું શરૂ થતું હોય છે.

સાધકના તેવા કાળના જીવનની શરૂઆત તે તો હજી સાધનાનું પ્રથમ પગથિયું ગણાય છે. માટે, આપણે વાત કરતાં કે વાત સાંભળતાં સદાય ચેતતાં રહેવાનું છે. કોઈ કોઈને વિશે આડીતેડી વાત કરતું આવે, તો ઘણા પ્રેમથી તેને પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવાનું કરવું. ગમે તે થાય પણ જીવનનાં નકારાત્મક પાસાંને તો કાન, મોં, આંખ ન ધરવાં તે ન જ ધરવાં. **તમારી પાસે આવી જાતની ગુરુદક્ષિણા માગ્યા કરું છું.** એવું એવું જો કોઈ આપ્યા કરે તો આ જીવને ઘણાં આરામ, શાંતિ, આનંદ વગેરે મળ્યા કરે.

આપણાથી જાણ્યેઅજાણ્યે આપણા વર્તનથી, શબ્દથી, વ્યવહારથી કોઈનો પણ વિરોધ વહોરી લેવાનું ન બને તેની પૂરેપૂરી જાગ્રત કાળજી આપણે રાખવાની છે. કોઈને શિખામણ કે બોધનાં વચનો કથવાં જ નહિ. વણમાંગ્યું વચન ઉચ્ચારવું નહિ. વચનમાં તો દરિદ્રતા જ શોભે. નામસ્મરણમાં જેટલી વાણી ખર્ચાય તેટલી ઉત્તમ છે. વાણીનો સંયમ અંતરની શક્તિને પ્રગટ કરવામાં ઘણો મોટો ભાગ ભજવે છે.

સાધકને કાજે વાણીનો સંયમ એ ઘણો ઘણો જરૂરનો છે. એ સંયમ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ-એમ ત્રણ પ્રકારનો હોય છે.

'જીવનપોકાર', બી. આ., પૃ. ૨૦ ❑

## (૨) પૂજ્ય શ્રીમોટાના ૭૮મા સાક્ષાત્કારદિન ઉત્સવનો ટૂંક અહેવાલ ટ્રસ્ટીમંડળ

(પૂજ્ય શ્રીમોટાના ગત રામનવમી ઉત્સવનો જે અહેવાલ હરિઃૐ આશ્રમ, સુરત તરફથી મળેલ છે, તેને ટૂંકાવીને-સંપાદિત વિગતો 'હરિભાવ'ના વાચકવર્ગ માટે અત્રે રજૂ કરી છે.-**સં.**)

પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન, રામનવમી ઉત્સવ તા. ૨૩,૨૪-૪-૨૦૧૬ના રોજ યજમાન શ્રીમતી મંજુલાબહેન કંચનભાઈ રાણા પરિવારના યજમાનપદે સુરત ખાતે યોજાયો હતો.

સદ્‌ગત શ્રી કંચનભાઈ રાણા વ્યવસાયે શિક્ષક હતા. તેઓશ્રી શિક્ષણના પ્રખર હિમાયતી હતા. ઉત્સવની નોંધણી તેઓશ્રીની હયાતી દરમિયાન કરાઈ હતી, પરંતુ શ્રીહરિ ઇચ્છાએ બે વર્ષ ઉપર તેઓનો દેહાંત થયો હોવા છતાં તેઓના જીવનસાથી શ્રીમતી મંજુલાબહેન અને તેમના પરિવારની ભાવના હતી કે તેઓને ઉત્સવનું યજમાનપદ ચાલુ રાખવું છે.

તા. ૨૩-૪-૨૦૧૬ શનિવારે સાંજે નામ-સ્મરણ, શાળાના બાળકોનું નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. ગત વર્ષ દરમિયાન ૨૦૦ જેટલાં બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તે પૈકી વિજેતા પાંચ બાળકોએ શ્રીમોટા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. વ્યક્તિગત રીતે દરેક બાળકને રૂ. ૫૦૦/-નો રોકડ પુરસ્કાર અપાયો હતો. શ્રી ગીજુભાઈએ (રહે. દોણ, તા. વ્યારા) પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના અનુભવો રજૂ કર્યા હતા.

તા. ૨૪-૪-૨૦૧૬ના રોજ શ્રી જયંતીભાઈ જાની તથા સુરતનાં સ્વજનોના મંડળની હરિઃૐ નામસ્મરણ-ધૂન સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. તે બાદ નિત્ય પ્રાર્થના, આરતી અને સુરત સ્થિત શ્રીગણેશ ગ્રુપ દ્વારા ભજનો રજૂ કરાયા હતા. શ્રીરામસ્તુતિ, આજની ઘડી તે રળિયામણી જેવી રચનાઓથી વાતાવરણ ભાવભર્યું બન્યું હતું. શ્રીમતી ધૃતિબહેન તરફથી પણ લોકપ્રિય રચનાઓ-'ઊંચી મેડી તે મારા સંતની રે' અને 'રામ તમે સીતાજીની તોલે ન આવો' રજૂ કરાયેલ.

પૂજ્ય શ્રીમોટાની કેસેટવાણી 'પ્રસન્નતા' વિષય ઉપર સમૂહ વાંચન કરવામાં આવેલ. કાર્યક્રમના પ્રમુખ વક્તા સુરત સ્થિત ડૉ. શ્રી શશિકાંતભાઈ શાહે મનનીય અને પ્રેરક પ્રવચન આપ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં તેઓએ પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગના વડા, શિક્ષણ વિદ્યાશાખાના ડીન તેમ જ સેનેટ સભ્ય તરીકે ત્રણ દાયકા જેવા સમય માટે સેવાઓ આપી છે. પી.એચડી.ના ગાઈડ તરીકે અનેક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ છે.

ડૉ. શશિકાંતભાઈએ પૂજ્ય શ્રીમોટાનાં અક્ષરદેહનો-પુસ્તકોનો ઊંડાણથી અભ્યાસ કરેલો છે. તેઓશ્રીએ સ્વજનોને જણાવ્યું હતું કે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ઘરમાં વસાવી નિયમિત રીતે રોજ તેમાંથી થોડાંક પાનાનું વાંચન-મનન જો કરવામાં આવશે તો તેનાથી ઘણો મોટો

લાભ વ્યક્તિગત જીવનમાં અને કૌટુંબિક રીતે થાય તેમ છે. પૂજ્ય શ્રીમોટાને 'સંત'ના બદલે 'મહામાનવ' તરીકે ઓળખાવી તેમના દેહત્યાગના પ્રસંગની અને આખરી વસિયત-નામાની ભારે પ્રશંસા કરી હતી.

ડૉ. શશિકાંતભાઈએ જણાવેલ કે પૂજ્ય શ્રીમોટાના સાહિત્યમાંથી મોટા ભાગના જીવનના પ્રશ્નોના ઉકેલ મળી શકે તેમ છે. પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવા જે યોજનાઓ બનાવી તેમાં શિક્ષણક્ષેત્રે કરેલ પ્રદાન અદ્વિતીય છે. રાગદ્વેષ છોડવા અને ગુણભાવ કેળવવા માટેનો મોટાનો સંદેશો જીવનમાં પ્રસન્નતાને પ્રેરશે. ડૉ. શાહના પ્રવચનને ઉત્સવના શ્રોતાવર્ગે શાંતચિત્તે સાંભળી ધન્યતા અનુભવી હતી.

**વર્ષ ૨૦૧૬ના ઍવૉર્ડની વિગત :**

(૧) સુરત રેલવે પોલીસ સ્ટેશનના એ. એસ. આઈ. શ્રી ગજુભાઈ પટેલ અને તેમના આઠ સાથીદારોની ટીમે જાનના જોખમે ખુંખાર ગુનેગારોને ઝડપી લઈને અપ્રતિમ જે સાહસ દાખવ્યું છે, તેની કદર કરી એ સર્વેને પ્રશસ્તિપત્ર સાથે રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ.

(૨) શ્રી નિતાઈ રાંદેરિયાએ (રહે. રાંદેર) ૧૪ વર્ષની વયે વીર સાવરકર અખિલ ભારતીય દરિયાઈ તરણસ્પર્ધા-૨૦૧૬માં ૩૨ નોટિકલ માઈલ્સનો એક આગવો વિક્રમ સ્થાપ્યો છે. ધો. ૮ના આ વિદ્યાર્થીને પ્રશસ્તિપત્ર અને રોકડ પુરસ્કાર અપાયેલ છે.

(૩) સુરતની સુમૂલ ડેરીએ બ્રાઝિલની હોલસ્ટિન અને ગુજરાતી ગિર બ્રીડના સંવર્ધન થકી ગાયની જે જાત વિકસાવી છે, તેના કારણે દૈનિક ૩૦ લિટર દૂધના ઉત્પાદનની ક્ષમતા મેળવાઈ છે. સુમૂલ ડેરીના રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ કેંદ્રને કદર ભાવે અને ભવિષ્યમાં ૭૦ લિટર દૂધ આપે એવી બ્રીડના સંશોધનના પ્રોત્સાહન માટે રૂપિયા એક લાખનો ઍવૉર્ડ-પ્રશસ્તિપત્ર ડેરીના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી જયરામભાઈ દેસાઈને અર્પણ કરાયેલ.

આશ્રમનો વાર્ષિક અહેવાલ પ્રવૃત્તિની વિગતો, પુસ્તક વેચાણ અને ઑડિટેડ આંકડાઓની માહિતી સભર અહેવાલ સર્વેને અપાયો હતો અને યજમાન પરિવારનો તેમ જ આશ્રમનાં કાર્યોમાં સહયોગી એવા સર્વે નામી-અનામીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આશ્રમના મૌનરૂમનો ૪૦૦ ઉપરાંત મૌનાર્થીઓએ લાભ લીધો છે. માર્ચ, ૨૦૧૮ સુધીના સમયનું મૌનરૂમોનું બુકિંગ થયેલ છે. મૌનરૂમોનો દૈનિક ખર્ચ રૂ.૫/- લેખે લેવાય છે.

રૂ. ૧,૦૦૦ અને વધુ રકમનાં પુસ્તકોની ખરીદી ઉપર આશ્રમ તરફથી ૨૦% વળતર અપાય છે, કોઈ શૈક્ષણિક સંસ્થા, પબ્લિક લાઈબ્રેરી પોતાના લેટરપેડ ઉપર અરજી કરે તો પુસ્તકોના સેટની કિંમત પર ૫૦% રાહત અપાય છે. આ બે યોજના પૈકી કોઈ પણ એક યોજનાનો લાબ ઉપલબ્ધ છે.

દીવાલ કૅલેન્ડર, સીડી, પેન ડ્રાઈવ વગેરે ઉપલબ્ધ છે. (નોંધઃ વિશેષ જાણકારી માટે આશ્રમના ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ અથવા (૦૨૬૧) ૨૭૭૧૦૪૬નો સંપર્ક કરવો.) ❑

# (૩) માનવીમાં પણ વેરવૃત્તિ છે, તેટલે અંશે તે પશુ છે

શ્રીમોટા

'જેવો આઘાત તેવો જ પ્રત્યાઘાત' એ નિયમ જડ વસ્તુઓમાં પ્રચલિત નિયમ છે. ભીંત ઉપર હાથ પછાડીએ તો જેટલા જોરથી પછાડ્યો હોય તેટલા જોરથી આપણને વાગે. રૂની બાબતમાં તેવું થતું નથી, પણ ત્યાં પણ જેટલા જોરથી રૂ દબાવીશું તેટલું તે સંકોચાશે. ઈચ્છાપૂર્વકનો પ્રત્યાઘાત કરવો એ જડ વસ્તુનો સ્વભાવ કે ગુણ નથી.

એક દૃષ્ટિએ જોતાં સૃષ્ટિમાં 'જડ' જેવું કશું જ નથી. બધું જ ઓછાવત્તા પ્રમાણમાં ચૈતન્ય-મય છે. તેવી જ રીતે આઘાત-પ્રત્યાઘાત સંબંધમાં પણ વિકાસ, ચૈતન્યના વિકાસના પ્રમાણમાં થતો જાય છે.

પશુઓમાં પોતાનાં બચ્ચાંને દુઃખ દેનારા આઘાતો પ્રત્યે બચ્ચાંની મા વિશેષ જોરથી પ્રત્યાઘાત કરે છે. **માનવીમાં પણ વેરવૃત્તિ છે અને તેટલે અંશે તે પશુ છે.**

માનવીમાં છેક હલકી જાતથી છેક ઊંચી જાત સુધીના થરોની શક્યતા છે. ભલું કરનારનું પણ ભૂંડું કરનારના કિસ્સા માનવીમાં બને છે. જોકે એકંદરે માનવી પશુ કરતાં આઘાત-પ્રત્યાઘાતના નિયમને ઓછો વશ હોય છે. પોતાની વેરવૃત્તિ શાંત કરવા અને આઘાતથી થતા દુઃખને ખમાવવા માનવીએ અનેક જાતનાં બીજાં બળો ઉત્પન્ન કર્યાં છે. સંસ્કારાદિથી માનવી પેલા નિયમથી થોડોઘણો પણ મુક્ત રહી શક્યો છે.

માનવીજીવનું પણ જેમ જેમ ઊર્ધ્વગમન થતું જાય છે, તેમ તેમ આઘાતની સાથેના એના પ્રત્યાઘાતોમાં ફેર પડતો જાય છે. આઘાતની સામે તરત જ વેર જેવો પ્રત્યાઘાત એ એની પ્રકૃતિની પ્રેરણા છે, પણ એ જ પ્રકૃતિમાં સ્વવિકાસનો ગુણ રહેલો હોવાથી માનવીનું એવું નિર્માણ (Destiny) હોવાથી, તેનામાં બીજી સામી પણ પ્રેરણા રહેલી હોય છે અને તેના બળ વડે પેલા નિયમને માનવી પોતાને વશ રાખવામાં ઉત્તરોત્તર વિશેષ શક્તિમાન થતો જાય છે.

શરૂઆતમાં આઘાતની સામે વેરવૃત્તિ ઊપજે, પણ વર્તનમાં તે અંકુશમાં આવે, તે પછી વાણીમાં પણ અંકુશમાં આવે, તે પછી મનમાં પણ એટલા પ્રમાણમાં અંકુશમાં આવે કે વેરવૃત્તિ ઊપજે તોપણ નહિ જેવી જ, પણ એવા આઘાતોથી દુઃખ ઘણું થાય. ઘણીવાર આ દુઃખ વાણીમાં વ્યક્ત થઈ જાય છે અથવા ઊંડો રોષ કોઈ બીજા ઉપર ઠલવાઈ જાય છે. સંયમે રચેલો એ અંતર્પટ એટલો ગાઢ થતો જાય છે કે છેવટે કોઈ પણ આઘાત થાય ત્યારે તેનો બદલો કેમ વાળવો, કેવો ભાવ થવા દેવો એ બધું પોતાના કાબૂની વાત બનતી જાય છે. સાધકને એવો અનુભવ થતો હોય છે. આવું શક્ય છે ને સાધ્ય પણ છે. છેવટે તો બિલકુલ દુઃખ ન લાગે એવી મનોદશા જરૂર કેળવી શકાય છે.

જ્યારે જ્ઞાનપૂર્વક સહનશીલતા કેળવાય છે ત્યારે ઉદ્વેગ તો ક્યાંયે જતો રહે છે. એટલું જ નહિ પણ પ્રસન્નતા ઘણી વધારે રહે છે. તે સાથે પોતાનું શ્રેય કેવી રીતે થશે તેની સૂઝ તેને પડતી જાય છે.

સમુદ્રનાં મોજાં ખડકની સાથે પછડાઈને જાતે જ પ્રત્યાઘાત પામીને વેરવિખેર થઈ જાય છે, તેમ સંતની સામે વેર રાખનારની વેરવૃત્તિ આવી જ રીતે પાછી ફરીને વૈરીને જ નુકસાન કરે છે.

'જીવન સંદેશ', બીજી આ., પૃ. ૮૮ ❑

(૧)

**એક અફીણ બીજો સંસારી રસ, અધિક કરે ત્યમ આપે કસ,**
**જ્યમ જ્યમ અદકું ખાતો જાય, અંગે-અક્કલે હીણો થાય.**
**જો મૂકે તો મૂક્યે સરે, નહિ તો અખા તે ખાતો મરે.**

સંસારનો રસ અફીણ જેવો છે. અફીણનું પ્રમાણ વધે તેમ તેનો કસ-પ્રભાવ વધે. તેવી રીતે સંસાર વધુ ભોગવવામાં આવે તેમ ભોગવનારની આસક્તિમાં વધારો થાય છે.

અફીણ વધુ ખાવામાં આવે તેમ તે ખાનારનાં શરીર અને બુદ્ધિમાં ઘટાડો થાય છે, તેવી રીતે સંસારમાં આસક્તિ વધતાં ઇંદ્રિયો શિથિલ બને છે અને બુદ્ધિમાં ઘટાડો થાય છે.

અફીણનો વ્યસની નિશ્ચય કરે તો વ્યસન છૂટી જાય પણ મરતાં સુધી છોડતો નથી. તેવી રીતે માણસ છોડવા માગે તો સંસાર-તેની આસક્તિ છૂટી જાય પણ મરતાં સુધી તેને છોડી શકતો નથી.

(૨)

**વૃદ્ધ થયે વંઠ્યું તન-મન, ઉપાય ટળ્યો ને ખૂટ્યું ધન,**
**ત્યારે ધર્મ સાધવા જાય, જ્યારો કોહ્યા કાપડ-શો દેહ થાય,**
**અખા ભજી ન જાણ્યો નાથ, ચારે પડિયા ભોંયે હાથ.**

માણસ વૃદ્ધ થાય ત્યારે દેહ અને મન નિર્બળ થઈ જાય, ધન ખૂટી જાય અને બીજું કંઈ સાધન રહે નહિ, તેમ જ શરીર સડેલા કાપડ જેવું નકામું થઈ જાય, ત્યારે ધર્મ સાધવા જાય તો કશું વળે નહિ. અત્યાર સુધી ભગવાનને ભજ્યા નહિ અને હવે તદ્દન લાચાર બની ગયો છે ત્યારે ભજવા જાય તો ભગવાન ક્યાંથી મળે ?

(૩)

**આતુરતા આણી આરાધ, સન્મુખ થઈ સદ્‌ગુરુને સાધ,**
**સદ્‌ગુરુ મળે તો સહેજે તરે, સમજ વિના સહુ ફેરા ફરે,**
**હરિ વિના ફોકટ ફાંફાં જાણ્ય, અખા રામ નોહ★ પાણી-પાહાણ્ય.**

હરિને ભજવા માટે અંતરમાં આતુરતા જોઈએ. સદ્‌ગુરુની સહાય મેળવવી જોઈએ અને તે માટે સામેથી જવું જોઈએ. સદ્‌ગુરુ મળે તો સહેજે સંસારને તરી જવાય તે માટે સમજ-આત્મજ્ઞાન જોઈએ. હરિ વિના બધું ફોકટ છે. હરિ, તીર્થસ્થાનનાં જલમાં કે પથ્થરની મૂર્તિમાં નથી હોતું.

★નોહ (ન હોયના અર્થમાં)

(૪)

**હરિ-મણિ કંઠ પોતાને મૂળે, તે પડ્યો જાણ બહાર ચાળે ધૂળ,**
**તાંહાં કર્મકાચની કણિકા જડી, તેણે વ્યસને લાગ્યો મારે હડી**
**અલ્પ પ્રાપ્તિ ને અતિ આયાસ, પણ અખા ન જાણે આતમ પાસ.**

મૂળ તો હરિરૂપી મણિ પોતાની ડોકમાં પડેલો છે, પણ માણસ તેને બહાર ધૂળમાં-ધર્મમાં બાહ્યાચાર અને તપતીર્થમાં શોધે છે. તેમાંથી કર્મરૂપી કાચની કણી મળે છે જેમાં આસક્ત થઈને સંસારમાં તે દોડાદોડી કરે છે. આથી, ખૂબ મહેનતના પ્રમાણમાં અતિ અલ્પ-નજીવો લાભ થાય છે. હરિ તો આત્મસ્વરૂપે પોતાની અંદર રહેલો છે, એ તે જાણતો નથી.

'અખાની કાવ્ય કૃતિઓ, ખંડ-૧', બીજી આ.,
પૃ. ૧૦૬, ૧૦૯, ૧૧૧, ૧૧૬ ❑

## (૫) ગોપીચંદને માની ભિક્ષા

**બાબા સાવનસિંહજી**

જ્યારે ગોપીચંદ ગોરખનાથની પાસે જઈ યોગી બન્યા, ત્યારે ગોરખનાથે વિચાર્યું કે આ રાજા છે, એની માન-મોટાઈની ભાવનાને કાઢવી જોઈએ. એમ વિચારીને ગોરખનાથે કહ્યું, 'પુત્ર, પહેલાં તારી રાજધાનીમાં જઈ ભિક્ષા માગ !'

ગોપીચંદ જ્યારે તેમની રાજધાનીમાં ભિક્ષા માગવા ગયા ત્યારે જે માણસ એક પૈસો આપવા વિચારતો હતો તેણે રૂપિયો આપ્યો, એમ વિચારીને કે આ તો આપણા રાજા છે. જ્યારે પોતાના મહેલમાં ગયા તો રાણીઓએ વિચાર્યું કે રાજા યોગી બની ગયા છે. અમારે હાર-શ્રૃંગારનું શું કામ છે ? તેમણે બધાં હાર-શ્રૃંગાર યોગીની ઝોળીમાં નાખ્યા.

ગોપીચંદની માએ જોયું કે એણે વળી પાછો દોલતનો ઢગલો ભેગો કર્યો કે જેને ત્યજીને એ ગયો હતો. એ વળી પાછો માયામાં ફસાઈ જશે. જ્યારે ગોપીચંદ માની પાસે આવ્યા ત્યારે માએ કહ્યું, 'હે યોગી, તું ત્યાગી છે, ગૃહસ્થી નથી. તું મારા દ્વાર ઉપર ભિક્ષા માંગવા આવ્યો છે. આજે મારો અધિકાર છે કે જે મને ઠીક લાગશે તે હું તને ભિક્ષામાં આપીશ. મારી **ત્રણ વાત યાદ રાખજે. પહેલું સારામાં સારું ભોજન ખાજે, બીજું સારામાં સારા બિછાના ઉપર શયન કરજે અને ત્રીજું મજબૂતમાં મજબૂત કિલ્લામાં રહેજે.'**

ગોપીચંદે માને કહ્યું કે કોઈ બીજું હોત તો હું તેને સમજાવત, પણ તું તો મારી મા છે. તારા કહેવાથી તો હું યોગી બન્યો છું. આ ત્રણેય ચીજો મારા ઉદ્દેશની વિરુદ્ધ છે.

માએ કહ્યું કે હે પુત્ર ! તું મારા કહેવાનો અર્થ ન સમજ્યો. આવ, હું તને સમજાવું.

પહેલી વાત તું ભૂખ્યો રહે, જ્યારે સખત ભૂખ લાગે છે ત્યારે વાસીમાં વાસી ખાવાનું તદ્દન સાદું ખાવાનું પણ સ્વાદિષ્ટ લાગે છે. તું તે વખતે ખાવાનું ખાજે.

બીજી વાત-સાધનાને માટે જાગતો રહેજે. જ્યારે નિંદ્રા ખૂબ અકળાવે ત્યારે સૂઈ જજે. ત્યારે તને એવી ઊંઘ આવશે કે જે તને નરમમાં નરમ સેજ ઉપર પણ નહિ આવે.

ત્રીજી વાત તું રાજપાટ છોડી યોગી બન્યો છે. તારી પાસે યુવાન સ્ત્રીઓ પણ આવશે. નાની અને નાદાન પણ આવશે. તું મહાત્માની પાસે રહેજે. મહાત્માનો હુકમ માનજે. મહાત્મા જ મજબૂત કિલ્લો છે. એટલે 'શબ્દ'ની કમાણી એ જ મહાત્માનું કવચ છે. જે નામના રંગમાં રંગાઈ ગયા, જેમણે ગુરુની પાસેથી જ્ઞાન મેળવ્યું છે, તેઓ દુનિયાથી નિશ્ચિંત અને નિર્ભય જિંદગી જીવી ગયા.'

● ● ●

ગુરુએ જે 'શબ્દ' આપ્યો તેની કમાણી કરવાથી તે પ્યારું 'નામ' અંદર પ્રગટ થઈ ગયું. અંદર જે શબ્દ છે તેને વેદમાં નાદ કહેવામાં આવ્યો છે. ઋષિમનુઓ તેને આકાશવાણી કહે છે અને મુસલમાનો તેને બાંગે-આસમાની, કલામે-ઈલાહી અને નિદાએ-આસમાની કહે છે.

'સંતમત પ્રકાશ-ભાગ-૨', બીજી આ., પૃ. ૧૯ ❑

## (૬) અમારો જીવનધંધો

શ્રીમોટા

(૧)

કદી ના પૂછશો કોઈ 'જીવનધંધો અમારો શો ?'
બીજો ધંધો કમાવાનો ભિખારીનો અમારો શો !

ચરણ પકડી ચરણ પકડી અમારે ચાલવાનું છે,
પકડતાં એમ નિરંતર, ચરણનો સ્નેહ લાગ્યો છે.

જીવનમાં શા અમે હરિના પનારે શા પડેલા તે !
જીવનકથનીનો ઈતિહાસ ન પૂછશો કોઈ અમને તે.

ઊથલપાથલ થતાં કેવું શું હલમલાવી નાંખે તે !
છતાં ત્યારે હૃદય ચરણે શું જોડી રાખવાનું છે !

(૨)

કુટુંબની સર્વ વ્યક્તિનો હૃદયસંબંધ કરવાને,
હૃદયના ભાવથી કેવો અમારો યત્ન ત્યાં ત્યાં છે !

હૃદયનાયે ભીતર ઊંડે વળી તેથીય તે ઊંડે,
ઊંડે તેથી પ્રવેશીને અમારે કર્મ કરવું છે.

મુલાયમતા હૃદયની તે થવા સર્જન જરૂરી છે,
સ્વજન દિલ કેવી ખોળીયે ન શોધી ક્યાંય મળતી છે.

પરંતુ એટલું બસ ના, વસાયેલાં જ કેવાં છે
-ખરેખર બારમણિયાં તે બધાં દ્વારે જ તાળાં છે !

(૩)

તમારે દ્વાર આવીને અમે શી ટહેલ નાંખી છે !
ભલે આપો કે ન નાંખો, છતાંયે ટહેલ કરવી છે.

લીધેલો માની જે ધર્મ પૂરેપૂરો ભજવવો છે,
પછી છોને થવાનું જે ભલે હો, તેમ બનતું તે.

અમારે ના'વું કે ના છે નિચોવવું કોઈ રીતિએ,
અમે નિમિત્તનું કર્મ પ્રભુપ્રીત્યર્થ કરશું તે.

ભલે અવરોધ છો આવે, અમારે તે મુબારક છે,
પ્રભુપ્રીત્યર્થ નભવાને સ્વજન સાથે ઉમળકો છે.

(૪)

નથી તકરાર, ફરિયાદ અમારે કોઈની સાથે,
અમારે મેળવીને દિલ જગતમાં જીવવાનું છે.

પરંતુ શા વખા દિલના જીવનમાં તો પડેલા છે,
મળે સઘળું, પરંતુ દિલ જગતનું મળવું દુર્લભ છે.

હરિપદની કર્યે ભક્તિ હરિનું દિલ મળી શકશે,
જગતભક્તિ કર્યે, કિંતુ જગતદિલ ના મળી શકશે.

જગત હરિનું, છતાં એને હરિની ના પડેલી છે,
જગત શું નિજમાં મહાલી જગત કેવું ડૂબેલું છે !

'જીવનસ્પંદન', પ્ર. આ., પૃ. ૨૦૮,૨૨૨,૨૨૪,૨૨૫ ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના વિદ્યાર્થી તરીકેના સદ્ભાગ્યવાળા અને પૂજ્ય શ્રીમોટાના સાહિત્યના પ્રસાર માટે ટ્રસ્ટની રચના કરી જેઓ કાર્યવન્ત રહેલ એવા **શ્રી નીછાભાઈ સોલંકી**નો ૯૮ વર્ષની ઉંમરે તા. ૧૭ માર્ચ ૨૦૧૬ના રોજ યુ.કેના લેસેસ્ટરમાં દેહાંત થયો છે. સંપર્ક : તેમની દીકરી જયાબહેન, ૦૦-૪૪-૧૧૬-૨૭૩-૭૫૮૨ ગતાત્માનું શ્રીહરિ કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના. **-સંપાદક**

## (૭) 'પોતાનો ભાર જે સોંપે, ઉપાડે ભાર તેહનો'-શ્રીમોટા

જયંતીભાઈ જાની

નડિયાદ પાસે રામોલ ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે મારી સર્વિસ હતી. તે દરમિયાન મારા છ મહિનાના પુત્ર મયૂરને એક દિવસ તાવ આવ્યો. ત્યાંના ડૉક્ટરની દવા લીધી. તેમણે એક ઇંજેક્ષન પણ આપ્યું. બીજે દિવસે મયૂરના ડાબા પગે પોલિયોનો હુમલો આવ્યો. એ પોતાના પગ ઉપર ઊભો પણ રહી શકતો ન હતો. તેના ઈલાજ તરીકે દવાઓ, માલિશ, દોરા-ધાગા, ભૂતભૂવા બધું જ કર્યું. નડિયાદના એક કાળભૈરવના ઉપાસકના સકંજામાં પણ ફસાવાનું બન્યું. એક રાત્રે પાવાગઢ ઉપરની તંત્રની ક્રિયા દરમિયાન કોઈક અજાણ્યા બળથી હું નાસી છૂટ્યો હતો.

પૂજ્ય શ્રીમોટાનો, હિંદુ અનાથ આશ્રમ, નડિયાદમાં ઉત્સવ હતો. મારા વડીલ બંધુ પ્રભુદાસ, મયૂર માટે અમદાવાદથી દવા લાવવાના હતા અને મોટાના ઉત્સવમાં તેમના મિત્ર સુરેશ સંત સાથે હાજર રહેવાના હતા. તેમની પાસેથી મયૂરની દવા લેવા હું રામોલથી ઉત્સવના સ્થળે ગયો. મંડપમાં પ્રભુદાસને શોધી તેમની પાસેથી દવા લઈ રામોલ પરત જવા માટે મેં તેમની રજા માગી.

પ્રભુદાસે મને કહ્યું કે આટલે સુધી આવ્યા છો તો મોટાને માથું નમાવી આવો, ભેટ મૂકવા માટે તેમણે બે રૂપિયા પણ મને આપ્યા. હું સ્ટેજ ઉપર ગયો. ભેટ મૂકી. મોટાને પગે લાગ્યો. 'મોટા, હું આપને પહેલી વાર મળું છું' એવું મારાથી બોલાયું. મોટાએ મને જવાબ આપ્યો કે 'ફરીથી મળજે અલ્યા !'

સ્વજનો સાથે ત્યાં પ્રસાદ લીધો. પ્રભુદાસ અને તેમના મિત્ર નડિયાદ આશ્રમે જવાના હતા. મને પણ સાથે લીધો એટલે પ્રથમ વખત આશ્રમ જોવા મળ્યો. રામોલ પહેલાં કઠલાલમાં મારી સર્વિસ હતી એટલે ત્યાંથી નડિયાદ આવતાં રસ્તામાં આશ્રમ આવતો, પણ સમય પાક્યો નહિ હોય. એ આખો દિવસ આનંદમાં ગયો. દુખિયાને આશરો મળ્યો હોય એવી ટાઢક અનુભવી.

શ્રી પ્રભુદાસ અમદાવાદ ખાતે સ્વજનશ્રી કાંતિભાઈ તેરૈયાના મકાન ૧૧, સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા ઑફિસર્સ સોસાયટીમાં ભાડેથી રહેતા હતા, આ મકાનનું વાસ્તુ પૂજ્ય શ્રીમોટાએ કર્યું હતું. મારાં પત્ની ઊર્મિલા અને ભાઈના પત્ની જશોદા સગી બહેનો હતી. (હાલમાં બન્ને સદ્ગત) મારાં ભાભી જશોદાને મનોમન વિચાર આવ્યો કે શ્રીમોટાની નજર મયૂર ઉપર પડે અને એનો કેસ સુધરી જાય એવી મારાં ભાભી જશોદાની ભાવના હતી એટલે અમને સપરિવાર અમદાવાદ બોલાવ્યા.

ભાભીની ભાવના ફળી. મોટાએ મયૂરને બે હાથના ટેકે અને પગ પાછળ ઘસડાતા હોય એ પ્રકારે ખસતો-ચાલતો જોયો. અમદાવાદના પ્રીતમનગરના અખાડામાં મયૂરના પગે માલિશ ને સારવાર કરાવવાનું મોટાએ કહ્યું. યોગાનુયોગ તે સંસ્થાના શ્રી ચંદ્રકાંતભાઈ મોટાનાં દર્શને આવ્યા હતા. એટલે મોટાએ તેઓને ભલામણ

પણ કરી. પ્રીતમનગરના એ અખાડામાં અમે જ્યારે ગયા ત્યારે ત્યાં મોટાનો ફોટો જોવા મળ્યો. મનમાં આનંદ થયો. મયૂરની સારવારની કોઈ ફી પણ એમણે લીધી ન હતી.

મયૂરને એની મમ્મી સાથે ભાઈભાભીને ઘેર મૂકી હું રામોલ નોકરી ઉપર હાજર થયો. ‘હારે કો હરિનામ.’ રામોલમાં સ્કૂલ પાસે જ મહાદેવનું મંદિર હતું. ‘ૐ નમઃ શિવાય’ના મંત્ર સાથે શંકરની સ્તુતિ-જળ ચઢાવવાનું, દૂધનો અભિષેક અને મહિમ્ન સ્તોત્ર ગાવાનું શરૂ કરેલ. બિલીપત્ર પણ ભાવપૂર્વક ચઢાવતો હતો. શંકરપૂજામાં સારો એવો સમય આપતો હતો.

અમારા અભ્યાસકાળમાં અમે પેટલાદ રહેતા હતા. ત્યાં કૉલેજના બે વર્ષ સુધીની સગવડ હતી. એટલે વારાફરતી અમે બન્ને ભાઈ અમારા એક વડીલના ત્યાં રહીને અમદાવાદમાં બી.એ.નાં બે વર્ષ કર્યાં હતાં. તેઓ પુનિત મહારાજના પરમ ભક્ત હતા. પુનિત મહારાજનું રામાયણ એમને લેવું હતું. મહારાજનો એ સદ્ગ્રંથ નાણાંથી વેચાતો મળતો ન હતો. જે કોઈ આઠ લાખ રામનામ લખીને આપે એને એ ગ્રંથ મળતો. એ વડીલનું અમારા ઉપર ઋણ હતું જ. એટલે આઠ લાખ રામનામ લખવાનું કામ મેં ઉમળકાથી સ્વીકાર્યું. મંત્રબુકમાં રામનામ લખતો અને મુખથી ૐ નમઃ શિવાય મંત્ર જપતો હતો.

ધીમે ધીમે મારો દુખિયો જીવ ભક્તિમાર્ગ તરફ વળ્યો હતો. પરિણામે મનનો ઉદ્વેગ શાંત થતો ગયો અને ઈશ્વરમાં શ્રદ્ધાવિશ્વાસ વધતાં ગયાં. રામોલથી નડિયાદ આશ્રમે જવાનું આકર્ષણ પણ વધતું હતું. રામોલની સ્કૂલમાં સરકારી ગ્રાંટ આવે ત્યારે પગાર થતો. વર્ષમાં બે વખત પગાર થાય એવી સ્થિતિ પણ હતી, પણ ગામના એક દુકાનદાર કરિયાણું ઉધાર આપતા અને જરૂર પડે રોકડ રકમ પણ ઉછીની આપતા. આમ, રામોલમાં સમય પસાર થતો હતો. શનિ-રવિમાં હું અમદાવાદ જઈ મયૂરની માલિશની સારવારમાં હાજર રહેતો હતો. મારાં પત્ની મને કહે કે આ સારવાર તો ઘણા લાંબા કાળની છે. હું એમને આશ્વાસન આપી કહેતો કે ઈશ્વરમાં શ્રદ્ધા વિશ્વાસ રાખજો.

રામોલ ગામના ઋણાનુબંધની જાણે કે અવધી આવી રહી હોય એમ મનમાં લાગવાથી સ્કૂલની નોકરીમાંથી છૂટા થવાની ત્રણ માસની નોટિસ-રાજીનામાની આપી દીધી. હેડમાસ્તર પૂછતા કે કોઈ બીજી નોકરીની વ્યવસ્થા થઈ છે ? ત્યારે હું કહેતો કે એ તો થઈ રહેશે. તે દરમિયાન જ્યારે હું આશ્રમ ગયો હોઉં ત્યારે મોટા, નોકરી અંગે પૂછપરછ કરતા. વળી, પૂછતા પણ ખરા કે અમદાવાદમાં મોટા ભાઈને કોઈની ઓળખાણ છે ? જોકે એવી કોઈ ઓળખાણ ન હતી.

રામોલની સ્કૂલમાંથી શિક્ષક તરીકે રાજીનામું આપ્યું ત્યારે મનમાં એવો વિચાર હતો કે શિક્ષક તરીકે કઠલાલ, હિંમતનગર અને રામોલમાં સર્વિસ કરી છે. એટલે શિક્ષકના બદલે હેડમાસ્તર તરીકે સર્વિસ કરવી.

મારા વડીલ બંધુને એક સ્નેહી સાથે જે પરિચય હતો તેમના દ્વારા જૂનાગઢ જિલ્લાના વંથલી ગામે હેડમાસ્તરની સર્વિસ મળે એ માટે પ્રયત્નો ચાલતા હતા. મોટાને એની જાણ કરી હતી. એટલે મારે આશ્રમ જવાનું થાય ત્યારે મોટા મને

પૂછતાં કે વંથલીનું કેટલે આવ્યું ? છેલ્લે વંથલીની હેડમાસ્તરની જગ્યાએ કોઈ સ્થાનિકને લેવાયાની જાણ થઈ હતી. એક વખત આશ્રમમાં હું ગયો હતો ત્યારે મોટાએ મને સંભળાવેલું કે **'ભાઈ, આપણે તો આકાશના તારા જોઈતા હોય તે કંઈ મળે !'** આમ, હેડમાસ્તરની સર્વિસના વિચારને દૂર કરાયો હતો.

મારા પિતાશ્રી ડાહ્યાભાઈ મારા વડીલ બંધુ સાથે અમદાવાદ રહેતા હતા. માતુશ્રીનો તો હું પાંચ વર્ષનો અને મોટા ભાઈ આઠ વર્ષના હતા ત્યારે દેહાંત થયેલો. અમારા પિતાશ્રી એક સપ્તાહ માટે નડિયાદ આશ્રમમાં મૌનમાં બેઠા હતા. તેઓ જે દિવસે મૌનમાંથી બહાર નીકળવાના હતા ત્યારે હું, રામોલથી નડિયાદ આશ્રમે ગયો હતો. પહેલી વખત મેં મોટાનો એક ફોટો ખરીદ કરેલો. તેના ઉપર સૂતાં સૂતાં મોટાએ સ્વહસ્તે એક વાક્ય લખી આપ્યું :-

**'પોતાનો ભાર જે સોંપે, ઉપાડે ભાર તેહનો.'**

તા. ૪-૧-૧૯૭૦ **-મોટા**

મારા પિતાશ્રીએ આ વાક્ય વાંચીને રાજીપો વ્યક્ત કર્યો હતો.

મોટાનો ઉત્સવ આણંદ તાલુકાના જોશીકૂવા ગામે હતો. હું એ ઉત્સવમાં ગયો હતો. બપોરનો પ્રશ્નોત્તરી કાળ એ વખતે રખાતો હતો. મંડપમાં પડેલા એક વર્તમાનપત્ર ઉપર અને ખાસ કરીને શિક્ષક જોઈએ છે, એવી જાહેરાત ઉપર મારી નજર પડી. વળી, મનમાં એવી પ્રેરણા પણ થઈ કે નોકરી માટે અરજી કરવી અને સરનામું રામોલનું ન આપતા મોટા ભાઈનું અમદાવાદનું સરનામું આપવું. હરિકૃપાથી ઇન્ટર્વ્યૂનો પત્ર મોટા ભાઈને ઘેર ગયો. એટલે આઠમા ધોરણમાં અભ્યાસ કરતા એમના પુત્ર પંકજને બસમાં રૂબરૂ રામોલ મોકલી મને એ પત્ર પહોંચાડ્યો, કારણ કે વચ્ચે સમય ઓછો હતો. નિયત તારીખે અમદાવાદના ખાડિયા વિસ્તારમાં આવેલી દ્વારકાદાસ પરમાનંદ ગર્લ્સ હાઈસ્કૂલમાં હું ઇન્ટર્વ્યૂ માટે પહોંચી ગયો.

અમદાવાદમાં ટ્યૂશનો કરવા માટે આવવું છે કે કેમ એવા એક પ્રશ્નના જવાબમાં મેં કહેલું કે મારા પુત્રને પ્રીતમનગર અખાડામાં પોલિયાની સારવાર ચાલી રહી છે. બીજો પ્રશ્ન હતો કે અમદાવાદમાં રહેવાનો પ્રબંધ છે ? મેં કહેલું કે મોટા ભાઈની સાથે રહેવાની સગવડ થઈ શકશે.

શ્રીહરિકૃપાથી એ સ્કૂલમાં હિંદીના શિક્ષક તરીકે મને નિમણૂક મળી ગઈ એટલે રામોલથી અમદાવાદ સપરિવાર સ્થળાંતર કરી ભાઈ-ભાભીની સાથે એમના ભાડાના મકાનમાં અમારું રહેવાનું કામચલાઉ ગોઠવાઈ ગયું.

આ અગાઉ બનેલ એક પ્રસંગની વાત કરી લઉં. રામોલમાં મયૂર દાદર ઉપરથી પડી જતાં પોલિયાવાળા પગને ઈજા થતાં અમદાવાદની વી.એસ. હૉસ્પિટલમાં ડૉ. રશ્મિકાંત ગાંધી પાસે (હાલ સુરતનિવાસી) સર્જરી કરાવેલ અને તે પગને ટેકો આપે એવું કૅલિપર બનાવડાવેલું. પૂજ્ય ભાઈ શ્રી નંદુભાઈએ ડૉ. રશ્મિકાત ગાંધીને ભલામણ કરેલી. જોકે મયૂરને એ કૅલિપર બહુ અનુકૂળ આવતું ન હતું. ઊભો થઈને ચાલી શકતો ન હતો. (ક્રમશઃ) ❑

## (૮) જન્મે જન્મે નવો સંબંધ બંધાય છે

સ્વામી પ્રકાશાનંદજી

પૂર્વે ચિત્રકેતુ નામના ચક્રવર્તી રાજાની સર્વ મનોકામના પૂર્ણ થતી હતી, પણ પોતે અપુત્ર હોઈ બધો રાજવૈભવ એમને આનંદ આપી શકતો નહિ. દયાળુ અંગિરા ઋષિએ ત્વષ્ટ્રાદેવનું યજન કરી રાજાને પુત્રવાન બનાવ્યો. રાણી કૃતદ્યુતિને માતૃત્વ પ્રાપ્ત થયું એટલે તેની ઘણી શોક્યો ઈર્ષ્યાથી બળવા લાગી. રાજા ચિત્રકેતુ પણ પુત્રવતી રાણીનો વધારે આદરસત્કાર કરવા લાગ્યા. આ કારણે પણ બીજી રાણીઓના મનમાં ભારે દ્વેષ ઉત્પન્ન થયો. દ્વેષને લીધે તે રાણીઓની બુદ્ધિ નાશ પામી, પરિણામે તે સ્ત્રીઓએ કુંવરને ઝેર દીધું. કુંવર મૃત્યુ પામ્યો. રાજા મહાશોકમાં ડૂબી ગયા.

રાજા ચિત્રકેતુને દુખિત, મૂર્છિત અને અનાથ જેવા જોઈ બ્રહ્માના પુત્ર મહર્ષિ અંગિરા મહર્ષિ નારદ સાથે ફરી ત્યાં આવ્યા. તેઓ શાસ્ત્રોનાં સત્ય વચનોથી રાજાને ઉપદેશ કરવા લાગ્યા. તેમણે કહ્યું, 'હે રાજેન્દ્ર ! જેની પાછળ તું શોક કરે છે, તેની સાથે તારે વાસ્તવિક શો સંબંધ છે ? પૂર્વજન્મમાં તારે તેની સાથે કેવો સંબંધ હતો ? હમણાં કેવો છે ? અને હવે પછી કેવો હશે ?'

મહર્ષિએ કહ્યું, 'વિચાર કરી જુઓ. નદીનો ધસમસતો પ્રવાહ વેગથી વહે છે. રેતીના કણો એકઠા થાય છે અને વળી વીખરાય છે. તે જ પ્રમાણે પ્રાણીઓ પણ કાળના પ્રવાહમાં પરસ્પર એકઠાં થાય છે અને વળી જુદાં પડે છે. પૂર્વ-જન્મમાં જે પ્રાણીઓ પિતા વગેરે રૂપે ભેગાં હતાં, તેઓ જ મરણથી જુદાં પડી, તે વર્તમાન જન્મમાં કોઈ સમયે તેનાં જ અથવા બીજાનાં સ્ત્રી, શત્રુ, મિત્ર વગેરે થાય છે. માટે આ તારો પુત્ર અને તું એનો પિતા એવો સનાતન નિયમ જ નથી. **વસ્તુતઃ અહંતા અને મમતા અજ્ઞાનને લીધે છે.** અને મૃત્યુ તો સર્વને માટે સાધારણ છે. ભગવાનનો ભક્ત મોહ પામવા યોગ્ય નથી.

મહર્ષિ અંગિરાએ કર્મ સમજાવતાં કહ્યું, 'પુરુષ કર્મની વાસનાઓથી વિષયોનું ચિંતન કરે છે. તેથી તેના મનમાં નાનાં પ્રકારનાં કર્મો ઉત્પન્ન થતાં હોય છે. આ પ્રમાણે કર્મ પણ મનમાંથી જ ઉત્પન્ન થયેલાં ગણાય.

મહર્ષિ નારદે પોતાના યોગબળે મરી ગયેલા રાજકુમારને જીવતો પ્રત્યક્ષ કર્યો અને તે જીવાત્માને કહ્યું કે, 'તારાં માતા-પિતા, સગાં-સંબંધીઓ અને બાંધવો સર્વ તારા મરણથી અત્યંત ખિન્ન થઈ ગયાં છે. હવે તું પુનઃ આ શરીર દ્વારા પિતાનો વૈભવ-રાજ્યાસન ભોગવ.'

રાજકુમારના જીવાત્માએ શરીરમાં પ્રવેશ કરી તેનાં માતાપિતા અને સંબંધીઓને ઉદ્દેશીને બોલ્યો, 'હું તો કર્મને આધીન થઈ જુદી જુદી તેમ જ મનુષ્યયોનિમાં ભટક્યા કરું છું. મારા પ્રત્યે પુત્રબુદ્ધિ રાખી તમો શોક કરો છો, પણ માનો કે હું કોઈ જન્મનો તમારો શત્રુ હતો-એમ માની મારા મરણથી રાજી કેમ થતા નથી ? સાંસારિક સંબંધો કાંઈ નિત્ય રહેતા નથી. વળી, એકનો એક સંબંધ કાયમ રહેતો નથી. **જન્મે જન્મે નવો સંબંધ બંધાય છે.**'

વેપાર-વણજ માટે જેમ સોનું વગેરે પદાર્થો વેપારીઓમાં આડાઅવળા ફર્યા કરે છે તેમ જ જીવ પણ પોતાનાં શુભાશુભ કર્મ દ્વારા અનેક યોનિઓમાં ભટક્યા કરે છે.

'ધર્માલાપ-આપણો ધર્મ', ત્રીજી આ., પૃ. ૨૩૮ ❑

## (૯) જીવ અને ઈશ્વર

**શ્રીરામકૃષ્ણ પરમહંસ**

જીવ અને ઈશ્વરમાં ઘણો તફાવત. જીવ સાધન-ભજન કરીને હદમાં હદ સમાધિ સુધી જઈ શકે, પણ ઈશ્વર જ્યારે અવતાર લે, ત્યારે સમાધિમાં જઈને પણ વળી પાછા ફરી શકે.

જીવોનો વર્ગ જાણે કે રાજાનો નોકરવર્ગ. રાજાના બહારના ઓરડા સુધી તેમની આવજા હોય. રાજાનો મહેલ સાત મજલાનો, પરંતુ રાજાનો કુંવર સાતે મજલે આવજા કરી શકે. તેમ જ વળી બહાર પણ આવી શકે. બધા કહે કે સમાધિમાંથી પાછા ફરે નહિ. તો પછી શંકરાચાર્ય, રામાનુજ એ બધા શું ? એમણે વિદ્યાનો અહંકાર રાખ્યો હતો. એ ઉપરાંત, જુઓ પ્રહ્‌લાદ, નારદ, હનુમાન વગેરેએ પણ સમાધિની પછીની ભક્તિ રાખી હતી.

કોઈ કોઈ જ્ઞાનચર્ચા કરે એટલે માની લે કે પોતે શુંનો શુંય થઈ ગયો છે ! તેણે જરાક વેદાંત વાંચ્યું હોય, પરંતુ યથાર્થ જ્ઞાન થયું હોય તો અહંકાર આવે નહિ. એટલે જો સમાધિ થાય ને માણસ ઈશ્વર સાથે એક થઈ જાય તો પછી અહંકાર રહે નહિ. સમાધિ થયા વિના યથાર્થ જ્ઞાન થાય નહિ. સમાધિ થાય એટલે પરમાત્માની સાથે એક થઈ શકાય, પછી અહંકાર રહે નહિ. તેમ યથાર્થ જ્ઞાન થયે, સમાધિસ્થ થયે અહંકાર રૂપી છાયા રહે નહિ.

યથાર્થ જ્ઞાન થયા પછી જો અહં રહે તો જાણવું કે વિદ્યાનો અહં, ભક્તિનો અહં, દાસ અહં. એ 'અવિદ્યાનો અહં' નહિ. તેમ જ વળી જ્ઞાન અને ભક્તિ એ બેય માર્ગ. ગમે તે માર્ગે જાઓ. એક ઈશ્વરને જ પામશો. જ્ઞાની એક રીતે પરમાત્માને જુએ, ભક્ત બીજી રીતે જુએ.

'જ્ઞાનીનો ઈશ્વર તેજોમય, ભક્તનો ઈશ્વર રસોમય.'

મહાભારતમાં છે કે સમાધિવાન પુરુષ જ્યારે સમાધિમાંથી ઊતરી આવે, ત્યારે શું લઈને રહે ? એટલે ભક્ત-ભક્તિ જોઈએ. એમ ન હોય તો મન શેને આધારે ટકી રહે ?

સત્ત્વગુણથી ઈશ્વર-પ્રાપ્તિ થાય. રજોગુણ, તમોગુણ ઈશ્વરથી વિમુખ કરે. સત્ત્વગુણને ધોળા રંગની સાથે સરખાવ્યો છે, રજોગુણને લાલ રંગની સાથે અને તમોગુણને કાળા રંગની સાથે....

જરાક જેટલીએ કામના અંદર હોય તો ભગવાનને પ્રાપ્ત કરી શકાય નહિ. ધર્મની ગતિ સૂક્ષ્મ છે. સોયના નાકામાં દોરો પરોવતી વખતે દોરાનો જરાક પણ તાંતણો આડો હોય તો સોયના નાકામાં દોરો જવાનો નહિ. ત્રીસ ત્રીસ વરસ થયાં માળા તાણે, તોય કેમ કંઈ થતું નથી ? કામના હોય ત્યાં સુધી ગમે તેટલી સાધના કરોને, તોપણ સિદ્ધિ પ્રાપ્ત થાય નહિ.

પણ એક વાત છે. જો ઈશ્વરની કૃપા થાય, ઈશ્વરની દયા થાય તો એક ક્ષણમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય. જેમ કે હજારો વરસનો અંધારો ઓરડો હોય, તેમાં અચાનક દીવો લાવે તો એક ક્ષણમાં અજવાળું થઈ જાય તેમ.

ત્યાગ વિના ઈશ્વરને પામી શકાય નહિ. મારો ઉપદેશ લઈ શકે એવો માણસ ક્યાં છે ? હું સાથી શોધું છું. મારા જેવા વિચારનો માણસ. કોઈક ખૂબ ભક્તને જોઉં એટલે એમ થાય કે આ કદાચ મારો ઉપદેશ લઈ શકશે. પણ વળી થોડાક સમયમાં જોઉં કે એ જુદા સ્વભાવનો નીકળ્યો !

'શ્રીરામકૃષ્ણ કથામૃત', પ્ર. આ., પૃ. ૭૯ ❑

# (૧૦) ફિરોઝપુરનું મૌનમંદિર

**પ્રો. શ્યામસુંદર ગુપ્તા**

'મોટા, અહીં મૌન એકાંતમાં મેં જેવી આપની હાજરી અને સહાય અનુભવી છે એવી જ હું ફિરોઝપુરમાં અનુભવી શકીશ ?'

'ભાઈ, તમે તમારાં કુટુંબીજનોને, પત્નીને અને બાળકોને તમારું હૈયું આપો છો ?'

'હા જી, મોટા.'

'તો પછી એવું પ્રેમભર્યું દિલ તમે 'મોટા'ને આપજો અને તરત તમે તેની હાજરી અનુભવી શકશો. ગુપ્તાજી, ક્યારેય પણ તમને શારીરિક, માનસિક કે આર્થિક મૂંઝવણ થાય ત્યારે તમે મોટાને સ્મરજો અને પ્રાર્થના કરજો. તમારી જે તે મુશ્કેલીઓને ઉકેલી દેવામાં આવશે.'

૧૯૬૧ના મે માસમાં મેં ૨૧ દિવસની મૌનએકાંત સાધના નડિયાદમાં પૂરી કરી. શ્રીમોટાનાં દર્શન કરવાં હું સુરત આશ્રમે શ્રીમોટા પાસે ગયેલો ત્યારે અમારી વચ્ચે આ પ્રમાણે વાતચીત થયેલી. મેં એક વખત શ્રી ગુરુદયાલ મલ્લિકને લખેલું કે મારા આધ્યાત્મિક જીવનની સાધના માટે હિમાલયમાં ચાલ્યો જવાનો છું. ચાચાજીએ ત્યારે મને શ્રીમોટા પાસે મોકલેલો. છેલ્લાં સાત વર્ષોથી અમે ઘણી બધી મુસીબતોમાંથી પસાર થયેલા છીએ. તેમ છતાં એક વખત પણ શ્રીમોટાની સહાયથી અમે વંચિત રહ્યા નથી. સંખ્યાબંધ પ્રલોભનો વચ્ચે પણ મારા અંતર સાથે પ્રેમભરી ભેટ મેં અનુભવી છે. આ પ્રલોભનમાં હું તણાઉં છું એમ જ્યારે મને લાગે છે ત્યાં જ શ્રીમોટાની સહાય એની પોતાની વિલક્ષણ રીતે આવી મળે છે અને મને પતનમાંથી અકળ રીતે ઉગારી લે છે.

હું પહેલ વહેલો એમની સાથે રહેલો તે વેળાએ એમના કેટલાંક વિધાનો સામે મેં બે-વેળાએ એક વખત શંકા ઉઠાવેલી, પણ પછીના કેટલાક મહિનાઓમાં એ બધી શંકાઓનું વિસ્મયકારક રીતે નિવારણ થઈ ગયેલું એ મારે મન ખૂબ મહત્ત્વની ઘટના છે. બે પ્રસંગો અત્રે હું નોંધું છું.

નડિયાદ આશ્રમમાં મારા મૌનનિવાસ દરમ્યાન શ્રીમોટાના ફોટા સામે હું જોતો હતો. એમના ચહેરાને મેં નરી આંખે બદલાતો જોયો. મેં ખૂબ ઝીણવટથી નિહાળ્યું તો એમાં માથા ઉપર વાળ લાંબા અને ચહેરા પર દાઢીમૂછ વધેલી દેખાઈ.

આ અનુભવ મારે માટે આશ્ચર્યકારક અને આનંદદાયક હતો. ત્યાં તો બીજી જ ક્ષણે મને શું દેખાયું ? એ લાંબા વધેલા વાળ ઋષિની જટાની જેમ માથા ઉપર બંધાઈ ગયા હતા. પછી તરત જ ફોટો એના મૂળ રૂપમાં દેખાવા લાગ્યો. એ છબીમાં આસનસ્થ મોટાનો નગ્ન દેહ હતો. એમના માથા તેમ જ દાઢીના વાળ લેશ પણ વધેલા ન હતા.

હું આ બધું જાગ્રતપણે, સંપૂર્ણ સભાનતાથી જોઈ શકેલો. આ ઘટના ભ્રમણા કે વશીકરણને લીધે બનેલી ન હતી. આમ કેવી રીતે બની શકે એમ મેં સુરત આશ્રમમાં પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું. શ્રીમોટા, પહેલાં એ રીતે મોટા વાળ

તેમ જ દાઢી રાખતા હતા એમ એમણે મને કહ્યું, પણ એમણે તરત જ નંદુભાઈને બોલાવ્યા અને એમની પાસેથી આ વાતનું સમર્થન મેળવવા મને કહ્યું. શ્રી નંદુભાઈએ આ હકીકતને સમર્થન આપ્યું. શ્રીમોટા ઘણું ખરું એમ કહ્યા જ કરે છે કે મૌનમંદિરમાં એમની હાજરી અમુક અમુક સ્વરૂપમાં હોય જ છે. આ હકીકત પ્રગટ કરવા કે એનું દૃષ્ટાંત આપવા જ મને આ અનુભવ કરાવાયેલો હતો. જોકે એ વખતે તો મને આ વિધાન સામે શંકા ઊઠેલી. પણ છ એક મહિના પછી હૃષિકેશ શિવાનંદનગરના દિવ્યજીવન સંઘના મંત્રી સ્વામીશ્રી પ્રેમાનંદજીએ મારા ઘરને પાવન કર્યું ત્યારે એ શંકાનું નિવારણ થયું. તેમણે મારા દીવાનખાનામાં ગોઠવેલો શ્રીમોટાનો ફોટો જોયો. મેં કહ્યું કે 'આ મારા ગુરુદેવ છે,' એમણે એ ફોટાને પોતાના હાથમાં લીધો અને પૂજ્યભાવથી એ ફોટાને પોતાના હૃદય સાથે ચાંપ્યો અને પછી આંખો મીંચી ઊંડી શાંતિથી જાણે અભિવાદન કરી રહ્યા. સ્વામીજીએ મને કહ્યું, 'આમને હું ઘણા વખત પહેલાં મળેલો છું. એ વખતે તો એ લાંબા વાળ અને દાઢી પણ રાખતા હતા.'

મારા મૌનએકાંત દરમિયાન એક રાતના મને એક સ્વપ્ન આવ્યું, આને હું એક પ્રકારનું દર્શન કહી શકું. સફેદ પહેરણ, ધોતિયું અને માથા પર પાઘડી-પહેરેલા એક દેખાવડા યુવાન સંન્યાસી દેખાયા. એમણે મને અંગ્રેજીમાં કહ્યું, 'બેટા, જાગ્રત થા, અને પ્રભુનું નામસ્મરણ કર. એ જ યોગ છે અને નિર્વાણ પ્રાપ્ત કરવાનો એ સૌથી સીધો અને સરળ માર્ગ છે.'

મૌનમાંથી બહાર આવીને સ્વાભાવિક રીતે જ મેં પૂજ્ય શ્રીમોટાને આ વાત કરી, અને સ્વપ્નમાં દેખાયેલ વ્યક્તિ કોણ હતી એ જાણવાની જિજ્ઞાસા વ્યક્ત કરી. સ્વપ્નમાં દેખાયા એ સંન્યાસી શ્રીમોટા પોતે જ હતા. અને પ્રેરણા આપવા માટે મને જણાવ્યું. મેં એમને પૂછ્યું, 'તમે તમારું આ રૂપ કેમ ન બતાવ્યું ?' એમણે કહ્યું, 'એ તો સદ્‌ગુરુની લીલા છે.' એમણે ભાગ્યે જ એમનું મૂળ રૂપ દેખાડ્યું છે. એમણે મને એમ પણ જણાવ્યું કે એમના ગુરુમહારાજ પણ આમ જ કરતા હતા. તેમ છતાં મારા શંકાશીલ મનને આ વાતથી સમાધાન થયું નહિ.

બે એક મહિના પછી મારે દહેરાદૂન જવાનું થયું. હિમાચલ પ્રદેશની ગુરુ રામરાય કૉલેજ-નહાનમાં અંગ્રેજીના વ્યાખ્યાતાના હોદ્દા માટે રૂબરૂ મુલાકાત આપવા ત્યાં જવાનું હતું. એ માટે મારે ગુરુ રામરાય દરબારના મુખ્ય મહંત પરમ પૂજ્ય શ્રી ઈન્દરેશચરણ દાસને મળવાનું હતું. મારા કાકા શ્રી એન. એન. ગોએલ દહેરાદૂનના એક વિદ્વાન ઍડ્વોકેટ હતા અને પૂજ્યશ્રી ઈન્દરરેશચરણ દાસના સહાધ્યાયી હતા. હું મારા કાકાને મારી સાથે લઈને મહંતશ્રી પાસે ગયો. મેં મહંતશ્રીને જોયા કે તરત જ એમને મેં ઓળખી લીધા. મારા મૌનએકાંત દરમિયાન સ્વપ્નમાં આવેલ સંન્યાસી તે પોતે જ હતા. એમણે એ જ પોશાક પહેરેલો હતો. એમણે આકર્ષક અંગ્રેજીમાં વાત કરી. તેઓ અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. થયેલા હતા. આ ક્ષણે હું એક વિચિત્ર મનોભાવ

અનુભવતો હતો. શ્રીમોટાએ મને કહેલું કે સ્વપ્નમાં તેમણે પોતે જ આ વેશમાં આવીને પ્રભુનામસ્મરણની પ્રેરણા આપેલી-એ વાતે મને મૂંઝવણ કરતો કરી મૂક્યો. જોકે હું આ અગાઉ આ મહંતશ્રીને ક્યારેય મળ્યો ન હતો. આ વખતે તો મેં એમને કશું જ પૂછ્યું નહિ.

બીજી સવારે એમની સૂચના મુજબ એમને હું મળવા ગયો. મારા કાર્ય તથા પગાર અંગે અમારે વિગતવાર ચર્ચા થઈ. એમની વિદાય લેતાં પહેલાં મેં, શ્રીમોટાએ મને કહેલી વાતનો ઉલ્લેખ કર્યા વિના જ, મારા સ્વપ્નની વાત કરી. એમનો ઉત્તર ખૂબ મહત્ત્વનો છે. 'ગુપ્તાજી, આવાં દર્શનો હંમેશાં પારસ્પારિક હોય છે. તમે તમારા સ્વપ્નમાં મને જોયો એનો મને આનંદ છે, પણ મને તમારું દર્શન થયું નથી. એનો અર્થ એવો નથી કે તમારું દર્શન ખોટું કે આધાર વિનાનું છે. પ્રભુ એના ભક્તને પોતાની પસંદગીનું દર્શન આપીને પ્રેરે છે.' શ્રીમોટાની સ્પષ્ટતા અંગે શંકા કરવા બદલ હું ખરેખર શરમાયો. જો મહંતશ્રીએ એમ કહ્યું હોય કે એમને પણ મારું દર્શન થયેલું તો પછી મને સ્વપ્નમાં દેખાયેલ રૂપવાળી વ્યક્તિ શ્રીમોટા ન હોત. તેથી, શ્રીમોટા, મહંતશ્રીના રૂપમાં મને સ્વપ્નમાં દેખાયેલા એ મારા મનમાં પુરવાર થઈ ગયું. મારી આ શંકાના નિવારણ માટે જ મને દહેરાદૂન સુધી લઈ આવવામાં આવેલો. કેમ કે એ કૉલેજોમાં મારી નિમણૂક થઈ શકી નહિ. મેં કેટલાક સમય પછી એક સંતના જીવનચરિત્રમાં વાંચ્યું કે સદ્‌ગુરુ પોતાને કદી નહિ મળેલા એવા ભક્તને પોતાનું સાચું દર્શન કરાવે છે અને પોતે જોયાં હોય એવાં વિવિધ રૂપ એને દેખાડે છે.

મૌનએકાંતના મારા નિવાસ દરમિયાન ફિરોઝપુરમાં મૌનમંદિર સ્થાપવાના એક દિવસ મને વિચારો આવ્યા જ કર્યા. ૧૯૬૪નો નવેમ્બર માસ હતો. ૨૧ દિવસ માટે મૌન-મંદિરમાં બેસવા માટે હું, નડિયાદ આશ્રમમાં ગયો. મૌનમંદિરમાં પ્રવેશના આગલા દિવસે લાંબા સમયની મારી અભીપ્સાને શ્રીમોટાએ પૂર્ણ કરી. એમણે મને કહ્યું, 'ગુપ્તાજી, ફિરોઝપુરમાં તમારા ઘરે એક મૌનમંદિરની વ્યવસ્થા કરો અને લોકો એ 'મૌનમંદિર'નો ભલે લાભ લે.' નડિયાદ આશ્રમમાંથી વિદાય લેતાં પહેલાં ફિરોઝપુરના 'મૌનમંદિર'ની સ્થાપના અને સંચાલન અંગે મારે કેટલીક સૂચનાઓ અને સ્પષ્ટતાઓ પૂજ્ય શ્રીમોટા પાસેથી મેળવવી હતી. એમણે મને સ્પષ્ટ જણાવ્યું કે 'મૌનમંદિર'ની કાર્યવાહી સંબંધમાં કે કોઈપણ પ્રકારની મુશ્કેલી અંગે મારે શ્રીમોટાને કંઈ પણ જાણ કરવી નહિ તેમ છતાં એમણે એક સૂચના આપી. મૂંઝવણ વખતે તમારા ખંડમાં ચાલ્યા જવું અને શાંત બનીને 'મોટા'ને પ્રાર્થના કરવી. તમને તમારી મૂંઝવણમાંથી મુક્તિ મળી રહેશે. તમને કોઈ પુસ્તકમાંથી વાંચવા મળશે. તમને અંદરથી કંઈક સૂઝશે. તમારી સમજનો ઉપયોગ કરીને નિર્ણય કરજો.

ફિરોઝપુરના મારા ઘરમાં 'મૌનમંદિર'નું કામકાજ ૧૯૬૫ના ફેબ્રુઆરીમાં આરંભાયું. આટલાં વર્ષો દરમિયાન મને મૂંઝવણમાં મૂકી

દે એવા સંખ્યાબંધ બનાવો બની ગયા છે. માનો યા ના માનો, પણ શ્રીમોટાએ આપેલી ખાતરી હંમેશાં સિદ્ધ થઈ છે. નહિતર આજ સુધી આ કામ કેવી રીતે નભી શકત ?

આજ સુધીમાં અહીં સંખ્યાબંધ સાધકો 'મૌન એકાંત'માં બેઠા છે. એમનામાંના એક તો અમેરિકાના વતની મિ. માઈકેલ કે. રિગ્ગસ્ બીજા ઈંગ્લેન્ડનિવાસી શ્રી મેઘરાજ શર્મા અને ત્રીજા કેનેડાના મિ. રોબીન 'મૌનમંદિર'માં સાતથી દસ દિવસ સુધી બેઠેલા. બીજા એક શ્રી રાજકુમાર શર્મા (એમને અમે મૌનીબાબા કહીએ છીએ) નવેમ્બર, ૧૯૬૬ થી ઑક્ટોબર ૧૯૬૭ સુધી ૧૧ મહિના સુધી 'મૌનમંદિર'માં રહેલા.

આ બધા બીજાઓ કે જેમણે આ પ્રકારની આધ્યાત્મિક સાધના કરી છે એમના જીવનમાં એક મહત્ત્વનું રૂપાંતર થયું છે. એ ફેરફાર એમના રોજિંદા વ્યવહારમાં, વિચારોમાં, લાગણીમાં અને વહાલમાં વરતાય છે એમ તેઓનું કહેવું છે. તેઓ કદી નહિ અનુભવેલી એવી આનંદની લાગણી અનુભવે છે. આ બધાંએ મૌનમંદિરમાં પૂજ્ય શ્રીમોટાની પ્રેરક સૂક્ષ્મ હાજરી અને ગૂઢ શક્તિ અનુભવી છે.

શ્રી માઈકલ રિગ્ગસે તો પોતાના શરીરને હળવું ફૂલ થઈ ગયેલું અનુભવ્યું. એમણે જગતનો મોટા ભાગનો પ્રવાસ ખેડેલો છે, પણ 'મૌનમંદિર'માં એમણે જે આંતરયાત્રા માણી છે એ જ સાચી છે એમ એમણે જણાવ્યું છે. છેલ્લે હમણાં મેં જાણ્યું કે અહીંથી ગયા પછી એમણે દુન્યવી આસક્તિનો ત્યાગ કર્યો છે અને સ્વામી પ્રકાશાનંદના સ્વર્ગપુરી આશ્રમ (દહેરાદૂન)માં રહે છે. એમના આધ્યાત્મિક માર્ગદર્શકે 'સ્વામી શાંતિપ્રકાશ' એવું એમનું નવું નામ પાડ્યું છે. એમણે મને લખી જણાવ્યું કે ખૂબ લાંબાગાળા માટે 'મૌનએકાંત'માં બેસવાનું, એમને મન છે.

શ્રી મેઘરાજ શર્માના મૌનમંદિરમાં લખેલા એક આત્મનિવેદનમાંનો એક અનુભવ શ્રીમોટાની સહાય અને પ્રેરણા એમણે મૌન-મંદિરમાં કેવી રીતે અનુભવી એનો પ્રેરક પરિચય આપે છે. ૧૯૬૬ની ૨૫મી ડિસેમ્બરે બપોરે કામવૃત્તિના હુમલા આવવા લાગેલા. જાતીયવૃત્તિનો આ આવેગ અસહ્ય હતો. આમાંથી ઊગરી જવું બહુ જ કપરું લાગતું હતું. ઊંઘના હુમલા પણ બપોરે-આવવા લાગેલા. એ વખતે સ્વપ્નની અવસ્થા આરંભાઈ અને પૂજ્ય શ્રીમોટાની પથારી પાસે જવાયું. એમનાં ચરણનો સ્પર્શ કરતાં જ હૈયું ભરાઈ આવ્યું અને અવાજ કર્યા વિના ખૂબ રડી દેવાયું. વૃત્તિઓના હુલમાને લીધે વિષાદથી ભારે બનેલું હૈયું પછીથી હળવું બન્યું. શ્રીમોટા જાણે આ પાશવી વૃત્તિઓના હુમલા સામે એમને રક્ષી રહ્યા હતા. બીજા દિવસની સવારથી વૃત્તિઓના વલણમાં પરિવર્તન આવી ગયેલું હતું. શ્રી મેઘરાજ જણાવે છે કે શ્રીમોટા મહારાજને મળ્યા પછી પહેલી જ વાર અનુભવ્યું કે પોતે હવે સાચા માર્ગ પર છે. એમણે એમના વિચારોમાં સ્પષ્ટતા અનુભવી. એમની બધી જ શંકાઓ અને પ્રશ્નો શ્રીમોટાની હાજરીમાં ઊકલી જતા. હવે તેઓ ઈંગ્લેન્ડ પાછા ફર્યા છે અને પરમ

પ્રેમળ જ્યોતિ એમને સતત દોરી રહી છે એનો અનુભવ કરી રહ્યા છે.

શ્રી રાજકુમાર (મૌનીબાબા) ખૂબ ઘાતકી, હિંસક, ક્રોધી અને ક્રૂર હતા. છેલ્લાં દસ વર્ષથી યોગ કરતા હોવા છતાં એમના સ્વભાવમાંથી આ તત્ત્વો ગયાં ન હતાં. 'મૌનમંદિર'માંના પહેલા જ એક મહિનામાં એમની ઘણી શંકાઓનું સમાધાન થઈ ગયું હતું, મોટા ભાગના કોયડાઓનો ઉકેલ આવી ગયો હતો, અને બધા જ પ્રશ્નોનું સમાધાન થઈ ગયું હતું. 'મૌનએકાંત'માં એમને અઢી મહિના રહેવાની એમની મુદત એમણે વધારાવીને સોળ મહિનાની કરી દેવાનો નિર્ણય જણાવેલો, પણ પૂજ્ય શ્રીમોટાની આજ્ઞા મુજબ એમને અગિયાર મહિના પછી બહાર નીકળી જવું પડેલું. એ અગિયાર મહિના દરમિયાન એમને અનેક ગૂઢ અનુભવ થયેલા.

મિ. રોબીન દિવ્યપ્રકાશની ખોજ માટે કેનેડા છોડીને ભારત તરફ આવતા હતા ત્યારે કોઈ પ્રેરક ગૂઢ શક્તિ એમને ખૂબ જ બળપૂર્વક 'મૌનમંદિર' તરફ ખેંચી રહેલી એમ સભાન રીતે એમણે અનુભવેલું. આધ્યાત્મિક જીવનની એમની અભીપ્સા એટલી તીવ્ર હતી કે પ્રભુની કૃપાથી ભારતની સરહદ-હુસૈનીવાલા (ફિરોઝપુર)-માં પ્રવેશ્યા કે તરત જ અહીંના 'મૌનમંદિર'માં પહોંચ્યા. સાત દિવસના એમના મૌનએકાંત દરમિયાન એમણે અત્યંત વેગીલું રૂપાંતર અનુભવ્યું. મૌનમંદિરમાંથી બહાર આવીને તરત જ દુન્યવી આસક્તિનાં બંધનો તોડી નાખવાનો એમણે સંકલ્પ કર્યો. એમણે ભારતમાં સ્થિર થવાનું નક્કી કર્યું. ભારતમાં જે હેતુ માટે એ આવેલા એ હેતુ-આત્મ-સાક્ષાત્કારનો અનુભવ સિદ્ધ થાય નહિ ત્યાં સુધી એમણે શ્રીમોટા મહારાજનાં ચરણકમળ સેવવાનું નક્કી કર્યું.

• • •

આટલાં બધાં સ્થળો હતાં, છતાં શ્રીમોટાએ ફિરોઝપુરને મૌનમંદિર માટે શા માટે પસંદ કર્યું એનું મને આશ્ચર્ય થતું હતું, પણ હવે મને એનું મહત્ત્વ સમજાઈ રહ્યું છે. મૌન અને એકાંત દ્વારા સાધના કરવાની તક ઝંખતા અને એમના અકળ માર્ગદર્શન માટે અનેક અભિમુખ આત્માઓ પોકાર કરતા હશે એ મને એ વખતે કેવી રીતે સમજાય ? જગતના દૂર દૂરના મુલકના રહેવાસીઓ અહીં આવ્યા છે, અને હજી કેટલાય આ પવિત્ર મૌનમંદિરનો લાભ લેશે એ તો પ્રભુ જાણે ! ભારત પાકની ભૂમિમાર્ગો સરહદના બધાં જ આંતરરાષ્ટ્રીય જોડાણો છેલ્લા ભારત-પાક સંઘર્ષ પછી આ સ્થળે કરવામાં આવ્યાં છે. આધ્યાત્મિક પ્રકાશ ઝંખતા, જમીન માર્ગે ભારતમાં પ્રવેશતા કેટલાય વિદેશી અભીપ્સુઓને અહીં પૂજ્ય શ્રીમોટાના મૌનએકાંત વર્ગમાં એમની સૂક્ષ્મ દોરવણી હેઠળ પોતાનું સ્વર્ગ પ્રાપ્ત થવાનું હશે એ કોણ જાણી શકે ? તેઓને માટે અહીંનું 'મૌનમંદિર' શ્રીમોટાના પવિત્ર હૃદયમંદિરમાં પ્રવેશવાના મુખ્ય દ્વાર તરીકે કાર્ય કરશે.

એમની કૃપાથી મારાં કુટુંબીજનોએ પણ મૌનએકાંતમાં સાધના કરી છે. મારા પિતાની તબિયતની તેમ જ અન્ય ઉપાધિઓની બાબતમાં

શ્રીમોટાની કૃપા અને પ્રેમશક્તિએ અનોખું કાર્ય કર્યું છે. કૌટુંબિક વાતાવરણ બદલાઈ ગયું છે. મૌનમંદિરની સ્થાપના પછી મારાં બાળકો સહિત સર્વ કોઈનાં વર્તન, વ્યવહાર, વિચાર અને દૃષ્ટિકોણમાં આશ્ચર્યકારક પરિવર્તન આવી ગયું છે.

શિવાનંદનગર (હિમાલય)માંના દિવ્યજીવન સંઘના પ્રમુખ પૂ. શ્રી સ્વામી ચિદાનંદ જર્મન યોગી સ્વામી ઉમાશંકરનંદની સાથે મૌનમંદિર માટેના મકાનની મુલાકાત લેવાની કૃપા કરેલી. સ્વામી ઉમાશંકરનંદે કહ્યું કે, 'દુનિયા ભરમાં કોઈ જગ્યાએ મેં આ પ્રકારનું જોયું નથી.' વૃંદાવનના સ્વામી બ્રહ્માનંદ અને સ્વામી કૃષ્ણાનંદ મૌનમંદિરની મુલાકાતે આવેલા છે અને તેઓએ પ્રસંગોપાત્ત આધ્યાત્મિક વાર્તાલાપ પણ આપેલા. આ મૌનમંદિરને **'આધ્યાત્મિક વિજ્ઞાનની એક પ્રયોગશાળા'** કહીને એના સૌંદર્ય અને સમૃદ્ધિને કર્મયોગી ભગત રામદર્શને (રામ બાદશા) વર્ણવ્યા છે.

પૂજ્ય શ્રીમોટાની આ કૃપાનું બળ અમે સૌ અનુભવી રહ્યા છીએ.

'પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ સ્મૃતિગ્રંથ', પ્ર.આ., પૃ. ૨૦૯❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. હરિવાણી ટ્રસ્ટના હિસાબનીશ સદ્ગત શ્રી મહેન્દ્રભાઈ તલકચંદ શાહની પુણ્યસ્મૃતિમાં જ્ઞાનદાન હસ્તે શ્રીમતી પદ્માબહેન મહેન્દ્રભાઈ શાહ .......... | અમદાવાદ ... | ૧૧,૧૧૧/- |
| ૨. ચીમનલાલ બેચરદાસ પટેલ તા. ૩૧-૫-૨૦૧૬ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ થતાં .. | રાણીપ ....... | ૭,૫૦૦/- |
| ૩. જયશ્રીબહેન નટુભાઈ ઠક્કર દ્વારા નીચેના દરેકના રૂ. ૫૦૦/-લેખે .......... | મુંબઈ ........ | ૩,૦૦૦/- |
| - સદ્ગત નટુભાઈ સી. ભૂપતાણી પુણ્યતિથિ (૪-૧૨-૨૦૦૬) | | |
| - શ્રી રિધાન વી. મહેતા જન્મદિન (તા. ૨-૧૦-૨૦૦૮) | | |
| - શ્રી આરીન વી. મહેતા જન્મદિન (તા. ૮-૧૦-૨૦૦૫) | | |
| - શ્રી ભક્તિના જન્મદિન (તા. ૨૫-૩-૧૯૮૧) | | |
| - શ્રી નિકિત વિશાલ મહેતા-લગ્નતિથિ (તા. ૨૬-૧-૨૦૦૨) | | |
| ૪. શ્રી વિજયભાઈ બાબુભાઈ પટેલ ....................................... | સુરત ......... | ૨,૫૦૦/- |
| ૫. શ્રી જયંતીભાઈ જાની તા. ૭-૭ના રોજ ૮૧મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ........ | અમદાવાદ ..... | ૧,૧૧૧/- |
| ૬. શ્રીમતી કૈલાસબહેન ટી. પંડ્યા શ્રી શિવદત્ત ટી. પંડ્યાના જન્મદિન નિમિત્તે .. | ભાદરણ ...... | ૧,૦૦૧/- |
| ૭. એક સેવક ........................................................ | અમદાવાદ .... | ૧,૦૦૦/- |
| ૮. સદ્ગત ધર્મપત્ની પ્રવીણાબહેનના દેહાંત બાદના પ્રથમ જન્મદિન નિમિત્તે હસ્તે પ્રો. જયંતીભાઈ એચ. શાહ ...................................... | અમદાવાદ .... | ૧,૦૦૦/- |
| ૯. જ્યોત્સ્નાબહેન નવનીતભાઈ પટેલ ..................................... | નરોડા ........ | ૧,૦૦૦/- |
| ૧૦. જયેન્દ્ર જે. મહેતા, લંડન નિવાસી પુત્ર રોનકના જન્મદિન (૨૭-૬) નિમિત્તે ...... | અમદાવાદ .... | ૧,૦૦૦/- |
| ૧૧. ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ એક સંકલ્પ ફળ્યા નિમિત્તે .................... | અમદાવાદ .... | ૧,૦૦૦/- |
| ૧૨. પ્રતિભાબહેન પારેખ .................................................. | સુરત ........... | ૫૦૦/- |

**અન્ય દાનભેટની વિગત આવતા અંકે. આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ. -સંપાદક**

## (૧૧) શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે શાસ્ત્રાર્થનો પ્રસંગ

સ્વામી સદાશિવ

સ્ત્રી અવિદ્યા હોય તો પુરુષને પણ પકડીને પાતાળમાં ખેંચી જાય, વિદ્યા હોય તો ચોટી પકડીને ઉપર લઈ જાય.

રામકૃષ્ણ પરમહંસના શિષ્ય મહેન્દ્ર માસ્ટરને શરૂઆતમાં રામકૃષ્ણે પૂછેલું, 'આપની પત્ની વિદ્યા છે કે અવિદ્યા ? રામકૃષ્ણે કહ્યું તમો ક્યારથી જ્ઞાની થઈ ગયા. માસ્ટરે જવાબ ન આપ્યો. ત્યારથી તર્કવિતર્ક પૂછવાનું બંધ કર્યું. રામકૃષ્ણ જે બોલતા, એ ધ્યાનથી સાંભળતા અને પછી લખી લેતા. વિવેકાનંદને એમને માટે ખૂબ માન હતું. એમણે માસ્ટરને કહ્યું હતું કે, 'તમે ન હોત તો રામકૃષ્ણ પ્રકાશમાં ન આવત.' માસ્ટરની ભાષા સારી, દરેકને લાગુ પડે એવી છે.

કેવળ વિદ્યા દરેકને લાગુ ન પડે. એ શરૂઆતમાં સૂત્રરૂપે હોય છે. પાછળથી એનું ભાષ્ય કરીને એ વિદ્યાને લોકભોગ્ય બનાવવામાં આવે છે. કુમારિલ ભટ્ટે, હિમાલયમાં જઈને સૂત્રાત્મક લખાણો લખ્યાં, પણ એને સમજી કોણ શકે ? તેઓ હિમાલયમાંથી નીચે આવ્યા. શંકરાચાર્યને મળ્યા અને કહ્યું, 'મારું કામ તો પતી ગયું છે. આ લખાણનું હું ભાસ્ય ન લખી શકું. પણ મને સમજનાર અત્યારે એક જ વ્યક્તિ નર્મદાકાંઠે મંડનમિશ્ર નામે છે. એ કર્મકાંડી બ્રાહ્મણ છે. જરા અભિમાની છે. અગર તમો એને હરાવીને વશ કરો, તો એ તમને ભાષ્ય લખી આપે.

શંકરાચાર્ય મંડનમિશ્રના નર્મદાકિનારે આવેલા આશ્રમમાં જાય છે. તે સમયે મંડનમિશ્રને ત્યાં શ્રાદ્ધ ચાલતું હતું. શ્રાદ્ધમાં કદી સંન્યાસીને બોલાવાય નહિ. વ્યાસમુનિ, ઋષિઓ બધા આવી ગયા હતા અને બંધ બારણે બેઠા હતા. શંકરાચાર્ય પાસે અષ્ટ સિદ્ધિ હતી એટલે બારણાની તિરાડમાં થઈને અંદર ગયા અને પોતાનું સ્વરૂપ ધારણ કર્યું. શ્રાદ્ધ ક્રિયામાં સંન્યાસીને જોઈને મંડનમિશ્રને નવાઈ લાગી. એટલે એમને ત્યાં કુંતો મુંડી એમ પ્રશ્ન કરવામાં આવે છે. 'કુંતો મુંડી'ના બે અર્થ થાય છે, હે સંન્યાસી ક્યાંથી આવ્યો અને ક્યાં સુધી મુંડન કરાવ્યું છે ? શંકરાચાર્ય જવાબ આપે છે 'આલગન મુંડી'-એટલે કેગળા સુધી મુંડન કરાવ્યું છે. આ સાંભળી મંડનમિશ્ર ખૂબ ગુસ્સે થઈ ગયા. પણ ગુરુએ સમજાવેલું કે મંડનમિશ્ર મહાન વ્યક્તિ છે, એટલે કદાચ ગુસ્સે થાય તો સહન કરી લે જો.

મંડનમિશ્રએ શંકરાચાર્યને આગમનનું કારણ પૂછ્યું. શંકરાચાર્યે જણાવ્યું કે હું શાસ્ત્રાર્થ કરવા આવ્યો છું. પછી શાસ્ત્રાર્થ અંગે વાત કરીને શર્ત મૂકે છે કે મંડનમિશ્ર હારી જાય તો સંન્યાસી થાય અને જો શંકરાચાર્ય-સંન્યાસી હારે તો તે ગૃહસ્થ થાય.

મંડનમિશ્ર કર્મકાંડી હતા અને સંન્યાસીના કટ્ટર વિરોધી હતા. આ વાદવિવાદમાં મધ્યસ્થી કોને બનાવવો એ પ્રશ્ન થયો. મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતી પણ વિદ્વાન હતાં. એ મધ્યસ્થી તરીકે રહે છે. પછી બન્નેને તાજાં ફૂલના હાર પહેરાવવામાં આવે છે. અને

વાદવિવાદ શરૂ થાય છે. મંડનમિશ્ર ક્રોધી સ્વભાવના હતા, એટલે વારંવાર ઉગ્ર થઈ જતા હતા. એટલે એમનો હાર કરમાઈ ગયો. શંકરાચાર્ય શાંત હતા, શાંતિથી જવાબ આપતા હતા. એટલે એમનો હાર તાજો રહ્યો. હાર-જીતનું નિદાન માંગતા, ફૂલના હાર જોઈને નક્કી કરો એમ ઉભયભારતીએ કહ્યું. મંડનમિશ્રની હાર થાય છે અને સંન્યાસ લેવા તૈયાર થાય છે.

એ સમયે મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતી કહે છે કે હજી હું અર્ધાંગના તો બાકી છું. મને હરાવો તો તમારી પૂર્ણ જીત ગણાય અને મારા પતિ સંન્યાસ લે.

ઉભયભારતીને એમ કે સંન્યાસીને હું કામ વિશે પ્રશ્નો પૂછીશ. સંન્યાસી સર્વજ્ઞ હોવાથી Intution-અંતઃપ્રેરણાથી જવાબ આપશે, તો તેમની પાસે અનુભૂતિ માંગીશ. સંન્યાસી હોવાના કારણે એમની પાસે અનુભૂતિ નથી એટલે હારી જશે, પણ શંકરાચાર્યે એક માસની મુદત માગી. તેઓ એક મૃત રાજાના શરીરમાં પ્રવેશ કરીને, ભોગ ભોગવીને કામ વિશેના દરેક પ્રત્યુત્તરો સંતોષકારક રીતે આપીને મંડનમિશ્રની પત્નીને પણ હરાવે છે.

સંન્યાસી તરીકે મૃત રાજાના શરીરમાં પ્રવેશ કરીને ભોગ ભોગવવા છતાં એનું બ્રહ્મચર્ય અખંડ રહે છે, કેમ કે સ્થૂળ દેહથી એ ભોગ ભોગવતા નથી. એમનો સ્થૂળ દેહ તો એક બાજુ પડ્યો રહે છે. તુલસીદાસે પણ કહ્યું છે કે માનસિક પાપ જ્યાં સુધી તમો સ્થૂળ શરીરથી ન કરો ત્યાં સુધી લાગુ પડતું નથી.

'પ્રજ્ઞારસ માધુરી-ઉત્તરાર્ધ', પ્ર. આ., પૃ. ૧૭૬ ❑

## (૧૨) 'માનવી' અને અન્ય રચના

ડૉ. સુધીર મોદી

### માનવી

**વિરાટ આ વિશ્વમાં આવી પડ્યો માનવી**
**શાને ફરે ગુમાનમાં, ગર્વકેરા સાથમાં,**
**નાનકડો અંશ બ્રહ્માંડનો, ક્ષણભંગુર આ દેહતણો**
**સમજી જા તું સાનમાં, નથી હિસાબ કોડીનો,**
**મળ્યું બધું લઈ બાથમાં, શાને ફરે ભ્રમમાં**
**જાશે બધું પળમાં, મૂકીને આ સંસારમાં,**
**જિંદગી આપી તને, નહિ લૂંટવા કાજ**
**સંતોષ સાથે જીવવા, લઈ હસીખુશીનો સાથ,**
**બની જા અંશ પ્રભુનો, મિઠાશ ભરી જિંદગીમાં**
**સાફલ્ય રહ્યું તેમાં, પરમમાં જોડાશે જિંદગી.**

● ● ●

હૈયે તારું સ્વરૂપ રહે
મનમાં તારો જ વિચાર
હોઠ સદા હરિ જપે
તેવું પ્રાર્થું મારા શ્રીનાથ.

● ● ●

જિંદગીની સફરમાં હસતા રહો
તંદુરસ્ત રહીને ફરતા રહો
નિષ્કામ કર્મ કરતા રહો
સેવા ગરીબોને આપતા રહો.

❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી હસમુખભાઈ પરમારના ધર્મપત્ની શ્રીમતી દર્શનાબહેનનો તા. ૭-૬-૨૦૧૬ના રોજ ૬૩ વર્ષની વયે અમદાવાદ મુકામે દેહાંત થયો છે. ગતાત્માને શ્રીહરિ ઊર્ધ્વગતિ પ્રેરે એવી પ્રાર્થના છે. **-સંપાદક**

# (૧૩) જીભ સુધરે તો જ જીવન સુધરે

ડોંગરે મહારાજ

ધ્રુવજી યમુનાજીના કિનારે ભક્તિ કરે છે. તેમના પિતા રાજમહેલમાં વિલાસી જીવન ગાળે છે. નારદજીએ નિશ્ચય કર્યો કે મારા શિષ્ય ધ્રુવજીના પિતાને મારે સુધારવો છે. **સંત જેને અપનાવે છે, તેના કુટુંબ માટે પણ તે ચિંતા કરે છે.** નારદજી રાજાનું કલ્યાણ કરવા ઇચ્છે છે. એમણે રાજાને કુશળ સમાચાર પૂછ્યા. રાજાએ કહ્યું, 'મહારાજ, એક સ્ત્રીના કહેવાથી મેં મારા બાળકનો તિરસ્કાર કર્યો, એ ઘર છોડીને ગયો.'

**નારદજી :** હવે રડવાથી શો લાભ ? બાળકનું અપમાન એ તો ભગવાનનું અપમાન. બહુ ખોટું થયું છે. હવે રડવાથી કંઈ બાળક ઘેર આવશે નહિ.

**મહારાજ :** નારદજી, આપ કહેશો તે હું કરીશ.

**નારદજી :** છ મહિના તારે અનાજ લેવાનું નથી. છ મહિના દૂધ ઉપર રહેવાનું છે. **જીભ સુધરે તો જ જીવન સુધરે.** જીભ ઇંદ્રિયોને વિષયોમાં દોડાવે છે. જીભ સુધરે તો મન સુધરે. છ મહિના મૌન રાખવાનું. બ્રહ્મચર્ય પાળવાનું. ભગવાનના નામનો જપ કરવાનો.

**હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે,**
**હરે રામ હરે રામ, રામ રામ હરે હરે.**

ભગવાનનાં ત્રણ નામ અતિશ્રેષ્ઠ છે. 'હરિ' નામ પાપ બાળે છે. શ્રીકૃષ્ણની આકર્ષણ શક્તિ કંઈક અલૌકિક છે. શુદ્ધ ઉચ્ચાર તરીકે 'કૃષ્ણ કૃષ્ણ' બોલવાનું છે. 'રામ' એ પરમાનંદ પરમાત્મા છે. બીજા મંત્રો એવા છે કે ગુરુ દ્વારા જ તે ગ્રહણ કરાય. જેણે મંત્ર સિદ્ધ કર્યો છે, તે જ તે મંત્ર બીજાને આપી શકે, પણ આ મંત્ર એવો દિવ્ય છે કે એમાં ગુરુની જરૂર નથી. આ મંત્ર પથારીમાં બેઠાં બેઠાં પણ જપી શકાય છે. નારદજી રાજાજીને સાવધાન કરે છે. આ મહામંત્રનો છ મહિના તારે જપ કરવાનો છે. દૂધ ઉપર રહીને બરાબર તું જપ કરીશ તો છ મહિના પછી બાળક આવશે.

ધ્રુવજી મધુવનમાં યમુનાજીના કિનારે આવ્યા છે. એક દિવસ ઉપવાસ કર્યો છે. બીજા દિવસથી તપશ્ચર્યાનો આરંભ કર્યો છે. ત્રણ દિવસ એક આસન ઉપર બેસી ચતુર્ભુજ નારાયણનું ધ્યાન કરતાં કરતાં મહામંત્રનો જાપ કરે છે. ત્રણ દિવસે ઊઠી કંદમૂળ ભગવાનને અર્પણ કરી એકવાર ખાય છે. પછી છ દિવસ એક આસને બેસે છે. ત્રીજા મહિને સંયમ વધારી નવ દિવસ એક આસન ઉપર બેસે છે.

ધીરે ધીરે તમે પણ સંયમ વધારજો. ભક્તિ વધારજો. માનવીને સુખ આપનાર 'સંયમ' છે. જેના જીવનમાં ઇંદ્રિયોનો સંયમ છે, જેના જીવનમાં ભક્તિનો નિયમ છે, તેને યમરાજા પણ સજા કરતા નથી.

કેટલાક લોકો કથા થાય ત્યારે ભક્તિ ખૂબ કરે છે. એકવાર ભોજન કરશે, કોઈની નિંદા કરશે નહિ. બધા સંયમ પાળશે. પણ જ્યાં કથા પૂરી થઈ કે પછી ભક્તિની પણ પૂર્ણાહુતિ થાય છે. કથાની ભલે પૂર્ણાહુતિ થાય પણ ભક્તિની પૂર્ણાહુતિ ના કરશો.

હવે ધ્રુવજી ફળ પણ ખાતા નથી. યમુનાજીનાં જળનો આહાર કરે છે. હૃદયમાં નારાયણનું રૂપ હવે પ્રગટ થયું છે. **નામ રૂપને પ્રગટ કરે છે.** જેનું નામ તમે સતત રટણ કરો, તે રૂપ આંખની આગળ પ્રગટ થશે. રૂપ પરતંત્ર છે, નામ સ્વતંત્ર છે.

'શ્રીમદ્ ભાગવત રસામૃત', પાર. આ., પૃ. ૨૫૯ ❑

## (૧૪) હૃદયની કાકલૂદી છે

શ્રીમોટા

(૧)

'અમોને જીવવા દેજો તમારા દિલમાં પ્રેમે',
ગરીબડા દિલની ઊંડી સ્વજનને પ્રાર્થના તે છે.

પ્રવેશી અંતરે ઊંડે ઊંડે ને શું વળી ઊંડે !
તહીં જે કર્મ કરવું છે, સરળતા ત્યાં ન અમને છે.

તમારા બારણામાંથી શું ધક્કા ખાઈ ખાઈને,
અમારે કેટલી વાર પડ્યા કરવાનું પાછું છે !

નથી બોલાવિયાં તમને, ન આમંત્રણ દીધેલું છે,
નિમિત્તે જો પધાર્યાં છો, પછી ફરિયાદ શેની છે ?

જબરજસ્તી અમારી ના, *હૃદયની કાકલૂદી છે,*
કંઈક લેવા જ દો ભાગ તમારા જીવને અમને.

(૨)

ગમે તેવું થતું છોને, છતાંયે ના ઝઘડવું છે,
તમારી સાથ દિલથી ના અમારે ક્લેશ કરવો છે.

સુમેળે દિલ સદ્ભાવે જીવ્યા કરવું અમારે છે,
અમારે ઝૂંટવી લેવું કશું ના તમ કનેથી છે !

કશું જો ઝૂંટવી લેવું અમારે હોય, તો દિલ તે,
પરંતુ દિલ સહકાર પૂરા વિના બને ના તે.

અમારે દિલ વિનાનું સૌ બધું લૂખું જ લાગે છે,
વખા દિલના પડે કેવા ! જીવનમાં દિલ શું દુર્લભ છે !

(૩)

ન કોઈ પેસવા દે છે, ન ઠરવા દિલ વિશે દે છે,
છતાં તોયે વળગવું છે, ગમે તેમ કરીને તે.

તમારે મંદિરે આવી છીએ બેઠા પગથિયે તે,
હૃદય અંતર વળી અંદર અમોને કોણ બેસાડે ?

અમારે કર્મ કરવાને શું યોગ્ય તે હૃદયસ્થળ છે !
પરંતુ ત્યાં જવાકેરો અમારો માર્ગ બંધ જ છે.

ગમેયે તેટલું ઠોકો ન અંતરદ્વાર ખૂલે છે,
સ્વજનને દિલ ન ઉત્કટ તે ગરજની ભૂખ લાગી છે.

(૪)

હૃદયથી જીવવું ભાવે અવરનામાં પ્રવેશીને,
થયા યત્નો બધા ફોકટ, અમારું કૈં ન ચાલ્યું છે.

અમારો બારણે પૂરો શું સત્કાર થયેલો છે !
જવા અંદર પરંતુ ત્યાં કશી ના શક્યતા કૈં છે.

હૃદય પાકી જ શ્રદ્ધા છે, 'અમારામાં ઊગેલો શો
-જીવનભાવ હરિનો તે' કદીક ત્યાં કામ કરવાનો !

પરંતુ ત્યાં પૂરેપૂરા હૃદય સહકાર વિના તે
-કશું ના કામ લાગે છે. છતાં નિઃસ્પૃહી લગની છે.

'જીવન સ્પંદન', પ્ર. આ.,
પૃ. ૨૦૧, ૨૦૩, ૨૧૯, ૨૨૬ ❑

---

### કૅનેડામાં સત્સંગ

પૂજ્ય શ્રીમોટાના કૅનેડાનિવાસી સ્વજનોનું હરિઃૐ સત્સંગ મંડળ સ્વજનોના નિવાસે નામસ્મરણ, પ્રાર્થના, યજ્ઞ વગેરેની સત્પ્રવૃત્તિ કરી રહેલ છે. વિશેષ જાણકારી માટે સંપર્ક

શ્રી હિમાંશુ ભાવસાર : ટોરન્ટો, કૅનેડા ફોન : ૦૦૧-૪૧૬-૯૦૭-૯૩૪૪
email : himanshu_db@yahoo.com
www. hariomsatsang mandal.weebly.com

# (૧૫) નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય

**શ્રીમોટા**

માનવીમાત્રમાં- માનવી શું જીવમાત્રમાં- ચેતનતત્ત્વ ભરેલું પડ્યું છે. એ જ એને આગળ ધક્કેલા કરે છે, પરંતુ તે તેના પડેલા પટની દિશામાં તેને ધક્કેલા કરે છે. તેના જીવનનો પડેલો પટ હોય છે, તે રીતમાં તેને ગતિ મળે છે. એટલે કે પ્રકૃતિમાં તેનો વિકાસ થયા કરે છે. ચેતનમાં નહિ. તે ચેતનતત્ત્વ પ્રત્યેકના જીવનનો જે પ્રકૃતિનો પટ પડેલો હોય છે, તેની દ્વારા તે વ્યક્ત થાય છે.

આપણામાં જો ચેતનને આપણે વ્યક્ત કરવું હોય તો પ્રકૃતિવશ અથવા તો પ્રકૃતિના પ્રભાવયુક્ત કે પ્રેરણાયુક્ત જે પટ આપણામાં પડેલો છે, તે પટને આપણે જો ચેતનાભિમુખ કરી શકીએ, તો ચેતનામાં આપણો વિકાસ થઈ શકે.

આધ્યાત્મિક જીવન જેને જીવવું છે, તેવાના જીવનમાં પોતાના કર્મવ્યવહાર પરત્વે પ્રમાણિકતા, વફાદારી, નેકદિલ, શુદ્ધદાનત્ત, સચ્ચાઈ, સરળતા, આરપારદર્શકપણું વગેરે ગુણો પ્રકટતા રહેવા ઘટે છે. આપણને પ્રભુકૃપાથી મળેલું કર્મ પ્રભુપ્રીત્યર્થે સહજ પણ ઉત્તમમાં ઉત્તમ રીતે થયા જાય એવી સહજ કળા આપણા જીવનમાં પ્રગટી જવી ઘટે છે. **કર્મ એ યજ્ઞ છે.** એવા યજ્ઞની જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના, કર્મના હાર્દમાં જ્વલંતપણે પ્રકટ્યા વિના કદી પણ સાકાર બની શકતી નથી. સાધનના અભ્યાસની સાથે સાથે આ બધું કરવાની ઘણી ઘણી જરૂર રહે છે.

સાધકની ઊંઘ જડસુ ન હોવી ઘટે. આવો જેને જ્ઞાનપૂર્વક અભ્યાસ રહે છે, તેનામાંથી દ્વંદ્વાદિ મોળાં પડતાં જાય છે. તેનું અહમ્ આપમેળે પીગળે છે ને નમ્રતાનો સહજગુણ તે પછી તેનામાં છતો થઈને પ્રવર્તતો અનુભવાય છે.

નમ્રતા એક રીતે તો કેળવી કેળવાઈ શકાતી નથી, કારણ કે નમ્રતા તો સહજપણાની સ્થિતિમાંથી પ્રકટે છે. તેમ છતાં હાલ આપણે અકુદરતી જીવન જીવીએ છીએ ને તેમાંથી કુદરતી જીવન જીવવાના નિર્ણય પર જો પ્રકટી શકવાનાં હોઈએ તો તે કાજે જેમ સાધનાની જરૂરિયાત ઊભી થાય છે તેમ નમ્રતાને પણ સાચા સાધકે પોતાના વર્તનમાં જ્ઞાનપૂર્વક પ્રકટાવવાની એટલી જ આવશ્યકતા રહે છે.

એવી નમ્રતામાંથી તો તેજસ્વિતા, શૌર્ય, પરાક્રમ, બળ, હિંમત, સાહસ આદિ ગુણો પ્રકટતા હોય છે. નમ્રતા એટલે કાયરપણું મુદ્દલે નહિ. નમ્રતા એટલે કંઈ કશામાંથી ભાગવાપણું પણ નહિ. નમ્રતા એટલે આચારવિચારના નિયમોનું શુષ્કપાલન અને ઘરેડ પ્રકારના માન-આદર આપવાની નીતિ-રીતિ પણ નહિ એ બધું જરૂરનું છે ખરું પણ તે નમ્રતાનું સ્વરૂપ નથી.

**નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય.** આત્માના છતા થવાપણામાં જે ગુણોની આવશ્યકતા છે એવા ગુણોને હાલના આપણા જિવાતા જીવનમાં આપણે જ્ઞાનભક્તિપૂર્વક છતા કરવાનાં રહે છે. એવું જિવાતું જીવન એ સાચે જ ખરેખરો યજ્ઞ અને ઉત્તમ પ્રકારની સેવા છે.

આ કાગળનું પૂરેપૂરું મનનચિંત્વન કરજો.

'જીવન સંશોધન', પ્ર. આ., પૃ. ૧૨૬ ❑

હરિઃૐ

## ગુરુપૂર્ણિમા તા. ૧૯, જૂલાઈ અને પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ તા. ૨૩,જૂલાઈ



(અનુષ્ટુપ)

ગુરુ ના દેહ ધારી તે ગુરુ તો સૂક્ષ્મભાવ તે,
ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને.

ગુરુ પ્રત્યક્ષ છો ના હો ગુરુની ભાવના હૃદે,
દઢાવતાં રહીશું જો મેળે પ્રત્યક્ષ તે થશે.

ગુરુની ચેતનાશક્તિ જીવને તે પ્રવેશવા,
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા.

ગુરુમાં લક્ષ રે'વાનું તે મહત્ત્વનું કેટલું,
જીવનસાધના જેઓ કરે તે જાણશે ખરું.

ગુરુના સ્થાનનું કેવું મહત્ત્વ જીવને ઊંડું,
જે કોઈ જાણશે એને નવા રૂપે દીસે ગુરુ.

સ્થૂળ દેહ ગુરુ ના છે સૂક્ષ્મથી સૂક્ષ્મ ભાવ શો !
ગુરુના જીવને જ્યારે ભળશો, તો પિછાનશો.

- શ્રીમોટા

*'જીવન પાથેય', બી. આ., પૃ. ૫*

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



શ્રી શ્રી મા આનંદમયી જાતે નામ સંકીર્તન કરી બીજા પાસે કરાવતાં હતાં. ક્યારેક હાથ વડે તાલી પાડી, ક્યારેક હાથ ઊંચો કરી, ક્યારેક કોઈકની ડોક પકડી, મા કીર્તનમાં નાચી રહ્યાં હતાં.
ભાવમાં ગદ્‌ગદ સ્થિતિ હતી. બન્ને આંખો લાલ હતી અને અશ્રુ ભરેલી હતી.
એ સ્થિતિ જોયા વિના સમજાય નહિ.

- ગુરુપ્રિયાદેવી

*'શ્રી શ્રી મા આનંદમયી-ભાગ-૧', પ્ર. આ., પૃ. ૩૮૮*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com